**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦

વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઈ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧.

### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

## ✲ અનુક્રમણિકા ✲


| | | |
|---|---|---|
| અભિનંદન અને આશીર્વાદ | મા સર્વેશ્વરી | ૩ |
| શાન્તિનો ઉપાય | શ્રી યોગેશ્વર | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| 'પ્રકાશના પંથે' ગ્રંથનું પ્રકાશન પર્વ | ડો. બી. જે. જાગાણી | ૧૪ |
| સત્કર્મોની સરવાણી | — | ૨૩ |
| શ્રી શ્રી મા શારદાદેવી કૌટુંબિક જવાબદારીઓ (૮) | પ્રો. અરુણિકા મનોજ દરૂ | ૨૪ |
| પૂ. શ્રી માને થતી દિવ્ય અનુભૂતિ | મા સર્વેશ્વરી | ૩૨ |
| હકારની હેલી...જિંદગી નવેલી | ડો. પ્રકાશ ગજ્જર | ૩૩ |
| Amazing effects of Maa's satsang on students world | – | ૪૨ |
| પનામામાં સત્સંગના સંસ્પર્શથી જાગતું વિદ્યાર્થી જગત | નારાયણ હ. જાની | ૪૫ |
| નેત્રરોગ ચિકિત્સા—યજ્ઞ | ડો. બી. જે. જાગાણી | ૪૯ |
| દીક્ષાદિન બન્યો સાધનાદિન | નારાયણ હ. જાની | ૫૪ |
| પૂ. શ્રી યોગેશ્વરજીની અમૃતવાણી પુરુષોત્તમયોગ | શ્રી યોગેશ્વરજી | ૫૬ |
| શ્રીવિષ્ણુસહસ્ર સમશ્લોકી | શ્રી યોગેશ્વરજી | ૬૦ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |


○

# ❁ અભિનંદન અને આશીર્વાદ ❁

પરમ વંદનીય શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ અને પ. પૂ. શ્રી શ્રી મા શારદાના પરમ ભક્ત—એવાં ડો. શ્રી મેનાબેન જાવિયા તેમ જ તેમનાં માતાપિતાશ્રી પ. પૂ. શ્રી યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરીમાં પણ એવાં શ્રદ્ધાભક્તિ ધરાવે છે. એથી એ જાવિયા પરિવારના સર્વ સભ્યો તરફથી અધ્યાત્મ માસિકના ફેબ્રુ—૨૦૦૬ ના અંકનો ખર્ચ શ્રી માવજીભાઈ આંબાભાઈ અને શ્રીમતિ રાજુબેન માવજીભાઈ, ગણોદની સ્મૃતિમાં તેમના પરિવારના જ સભ્યો (૧) શ્રી વલભદાસ માવજીભાઈ જાવિયા, (૨) શ્રીમતી વસંતબેન વલભદાસ જાવિયા, (૩) શ્રી મિતુલકુમાર વલભદાસ જાવિયા, (૪) શ્રીમતી સેજલબેન મિતુલકુમાર જાવિયા, (૫) શ્રી મેનાબેન વલભદાસ જાવિયા, શ્રી સીમાબેન વલભદાસ જાવિયા, રાજકોટ તરફથી આપવામાં આવેલ છે. તેથી શ્રી ઠાકુર અને પૂ. શ્રી યોગેશ્વરજી તથા પૂ. માના આશીર્વાદ એ પરિવારના સર્વે સભ્યો પર ઉતરો એવી મંગલ પ્રાર્થના છે.

—તંત્રી



# શાન્તિનો ઉપાય

**શ્રી યોગેશ્વર**

તાપથી સંતપ્ત પ્રવાસી પંથમાં બેસીને પોકારો પડવા લાગ્યો. અરે, કોઈ છાયા તો બતાવો. મારે છાયાની આવશ્યકતા છે. શીતળ છાયાની આવશ્યકતા છે. મને કોઈ ઘટાદાર વિશાળ વૃક્ષની પાસે તો પહોંચાડો.

પ્રવાસીની પાસે જ, એના પંથની એક તરફ જ વિશાળ ઘટાદાર વૃક્ષ હતું. એની શીતળ છાયામાં જઈને શાંતિ મેળવવાનું જ શેષ હતું. ત્યાં જવાનું પ્રવાસીના હાથમાં હોવા છતાં એ પોકારો પાડીને બેસી રહેલો. એવી રીતે પોકારવાથી એ વૃક્ષ પાસે પહોંચી શકે અને એને છાયા પણ મળી શકે?

આજે સંસારમાં ચારે તરફ અશાંતિના ઓળા ઉતરેલા છે. માનવ સંપૂર્ણપણે સુખી નથી. સુખની શોધમાં છે. પરંતુ એ સુખ એને સાંપડે કેવી રીતે? પડછાયાની પાછળ પડવાથી પ્રકાશ નથી મળતો. પ્રકાશની તરફ અભિમુખ બનવાથી પ્રકાશ, પ્રકાશવાન પદાર્થ અને પડછાયાની પ્રાપ્તિ આપોઆપ થાય છે. જેમનામાં સુખ શાંતિ આનંદ છે એટલું જ નહીં પરંતુ જે સ્વયં સુખસ્વરૂપ, શાંતિસ્વરૂપ, પરમાનંદ સ્વરૂપ છે, તે પરમાત્મા પ્રત્યે અભિમુખ બનવાથી જ જીવન સુખમય, શાંત, સુસંવાદી, સ્થિર, સંપૂર્ણ, સાર્થક કે ધન્ય બને છે. એ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

પરંતુ વિષયાસક્ત, વિષયાભિમુખ મન એ વાતને ભૂલી જાય છે. અને યાદ રાખે છે તોપણ એ પ્રમાણે વર્તતું નથી. એને લીધે દુઃખી થાય છે ને ક્લેશ, અશાંતિ તથા બંધનોને અનુભવે છે. સમીપમાં જ રામભક્તિની સુરસરિતા કે સ્વર્ગગંગા છે તોપણ પિપાસુપ્રાણ ઝાકળનાં બિંદુની કામના કરે છે.

ધૂમ્રસમૂહને નિહાળીને તૃષાર્થ ચાતક વરસાદના વારિવાળું વાદળ સમજી બેસે છે. વિષયોમાં સુખ નથી છતાં જીવ તેમાં સુખ સમજે છે.

ઐસી મૂઢતા યા મનકી.
પરિહરિ રામભક્તિ સુરસરિતા આશ કરત ઓસકન કી.—ઐસી
ધૂમ્ર સમૂહ નિરખી ચાતક જ્યાં તૃષિત જાનિ મતિ ધન કી,
નહિ તહીં શીતલતા ન વારિ પુનિ હાનિ હોત લોચન કી.
ઐસી મૂઢતા યા મનકી.

પરમાત્મા પ્રત્યે અભિમુખ થવાથી જ સુખશાંતિ સાંપડે છે. પરમાત્માથી વિમુખ બનવાથી દુઃખ મળે છે. શાસ્ત્રો અને સંતોએ એ અનુભવ વાતને અવારનવાર કહી બતાવી છે. માનવ એને જીવન વ્યવહારમાં વણી લે એટલી જ વાર છે.

પ્રકૃતિના પંથે પ્રયાણ કરનારો માનવ પ્રવાસી પ્રશાંતિની શોધમાં છે. પ્રસન્નતાની ઇચ્છા રાખે છે. એણે પ્રકૃતિને નાથીને બાહ્ય સુખોપભોગનાં સાધનોને વસાવ્યાં છે. પરંતુ પ્રકૃતિના આટલા બધા એકધારા પ્રવાસ પછી હવે એને લાગે છે કે જીવનમાં અસંતોષ અને અશાંતિના ઓળા ઊતર્યા છે, સંતાપ નથી શમ્યા, શાંતિનો સૂર્યોદય નથી થયો. પ્રસન્નતાનું પુનિત પ્રભાત નથી પ્રકટ્યું. ધન્યતાનાં ઉલ્લાસસૂચક મંગલમય વિહંગગીતો નથી ગવાતાં. સાર્થકતાની સ્વસ્થ સમીર લહરી પોતાનું લલિત લત્સ્યનૃત્ય નથી કરતી. એનો પ્રાણ પોકારે છે. શાંતિને ઝંખે છે. એને આપણે કહીએ છીએ કે શાંતિની સ્વર્ગગંગામાં સ્નાન કરો. તમે શાંતિ સ્વરૂપ છો. સુખ સ્વરૂપ છો. તમારી અંદર રહેલા શાંતિના સ્વર્ણભંડારને શોધી કાઢો કે હસ્તગત કરવાનો પ્રયત્ન કરો. પછી સઘળા સંતાપો શાંત થશે. જીવન અને એનો પ્રવાસ સરસ, સાર્થક બનશે.



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૨૭ ફેબ્રુઆરી—૨૦૦૬ અંક ૫

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૨૪—૧૧—૮૧ મંગળવાર, કારતક વદ તેરસ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : ક્લોવીસ, ન્યુ મેક્સીકો, અમેરિકા.**

પૂ. શ્રી પોતાના નિયમ મુજબ સ્નાન, વ્યાયામ, મંત્રજપ કરી લેખનકાર્ય કરવા બેઠા છે. નવ વાગ્યે દૂધ આવી જાય છે. દૂધ પી લે છે. લેખનકાર્ય બાદ થોડો આરામ કરે છે.

સાડા અગિયાર વાગ્યે આ મોટલના યજમાનના બેઠક રૂમ-માં આવી જાય છે. અગિયાર વાગ્યે સર્વેશ્વરી ખીચડી, શાકનું ભોજન બનાવવા રસોડામાં જાય છે. ત્યાં પૂ. શ્રી પણ પાંચેક મિનિટ માટે પધારે છે. ખીચડી ને શાક બંનેમાં પૂ. શ્રી ચમચો ફેરવે છે. પછી વળી બેઠક રૂમમાં જ બેસવાનું બને છે.

આજની મુલાકાતમાં આખોયે ઓરડો ગઇકાલની જેમ ભરાઇ ગયો હતો. એક રામાયણપ્રેમી ભાઇનો પરિચય શ્રી ઈશ્વરભાઇ પૂ. શ્રીને કરાવે છે. પૂ. શ્રીએ એના અનુસંધાનમાં

રામાયણની ચોપાઈનો અનુવાદ મોઢે ગાઈ બતાવે છે. પછી પૂ. શ્રી વળી કહે છે. 'કોઈને કંઈ પૂછવું હોય તો પૂછો.' એટલે શ્રી નટવરભાઈએ પ્રશ્નો પૂછવાની શરૂઆત કરી.

પ્રશ્ન : શરીર છોડીને આત્મા જાય છે તો આત્મા તો પરમાત્મા છે. તો ખરેખર શરીર છોડીને જવાનું બને છે, ત્યારે શું જાય છે? કેવું સ્વરૂપ હોય છે તેનું?

પૂ. શ્રી : ગીતામાં ભગવાને કહ્યું : 'ગૃહિત્વૈતાનિ સંયાતિ વાયુર્ગન્ધાનિવાસયાત્.'

કોઈ ફૂલ હોય તેને જેમ વાયુ સ્પર્શ કરે તો તે વાયુ જ સુગંધ લઈ જાય. ફૂલ જ્યાં ત્યાં જતું નથી. એ રીતે શરીર છોડીને જવાનું થાય ત્યારે સુગંધની જેમ સંસ્કારો લઈને જવાનું બને. કેવા સંસ્કારો? આંખના, કાનના, સ્પર્શના, વિષયના— શ્રોતમ્, ચક્ષુ, સ્પર્શનમ્ ચં રસનમ્. જેમ હવા સૂક્ષ્મ છે, તે હાથમાં પકડાતી નથી કે આંખથી જોવાતી નથી. પણ તે છે. તેમ શરીર છૂટે છે પછી કોણ, ક્યાં જાય. શું જાય તે દેખાતું નથી. યોગીઓ પાસે એ શક્તિ છે. મનને નિર્મળ ને દિવ્ય બનાવતા યોગીઓ તે જોઈ શકે છે.

જેમ પેટી હોય, એમાં આપણે બધી વસ્તુ મૂકી દઈએ ને પેટી બંધ કરી દઈએ, તેમ આપણે શરીર છોડીને જઈએ છીએ. નવા શરીરમાં એ બંધ પેટી જેવું વિવિધ સંસ્કારોથી ભરેલું મન પણ જાય. કેટલાક બાળકો નાનપણથી જ ધર્મના સંસ્કારો લઈને આવે છે. તેને તમારે મંદિરે જવાનું, હાથ જોડવાનું, સત્સંગમાં જવાનું શીખવવું પડતું નથી.

પ્રશ્ન : આગળનું જે જ્ઞાન નવા જીવનમાં સાથે આવે તે જ્ઞાન નષ્ટ થાય?



પૂ. શ્રી, ના. દબાયોલું રહે. પેટીમાં પૈસા મૂકી દીધા, તે પેટી બંધ કરી દીધી, તો પૈસા દેખાતા નથી. તેમ જે જ્ઞાન મનમાં પડ્યું છે તે નષ્ટ થતું નથી. તે દબાયેલું રહે. ઘણાંને તે જ્ઞાન નાની ઉંમરમાં જ જાગે. જેમ કે દયાનંદ સરસ્વતી, સંત જ્ઞાનેશ્વર, શંકરાચાર્ય, શ્રીમદ્ રાજચંદ્ર, એ બધા મહાપુરુષો પૂર્વે જે જ્ઞાન પામેલા, તે જ સંસ્કારો લઈને આવેલા.

મનની પેટીમાં કેવા સંસ્કારો છે તે ખબર પડતી નથી. પણ તેના વાણી, વર્તન, વ્યવહાર ઉપરથી અનુમાન થાય કે તે કેવા છે! અને જે જીવની શક્તિ વધારે હોય તે વધુ વિકાસ પામીને તે તેનું પૂર્વજન્મનું જ્ઞાન પણ મેળવી શકે. 'જન્મકથન્તાસંબોધઃ'— જન્મ કેવા પ્રકારનો હતો તેનું સમ્યક્ પ્રકારે જ્ઞાન થાય છે.

પ્રશ્ન : માનવ જન્મ પછી તે માનવ તરીકે જ ફરી જન્મ લે?

પૂ. શ્રી : એ એના કર્મસંસ્કારો, ભાવના, અંતકાળની વૃત્તિ પર અવલંબે છે. માનવ જન્મ પછી મોટે ભાગે માનવ તરીકે જ જન્મ લે. કોઈક વિરલ સંજોગોમાં માનવ માનવ ન પણ બને. વાસના ઉપર ઘણો આધાર છે.

એમ કહી જે ખૂબ ખા—ખા કરતા હોય, જે ખૂબ વિષયી હોય, જે પુરુષ સ્ત્રી જેવો જ અભિનય કરતો હોય ને જીવન જીવતો હોય તેની રમૂજ ભરી વાતો કહી. પછી કહ્યું. જેથી પૂ. શ્રીએ રામાયણના એક પ્રસંગનું કાવ્યગાન સૌને કરાવ્યું, જેની શરૂઆત આ રીતે હતીઃ—

બોલ્યા ગુરુવર અતિસુખ માની,
પુણ્યાત્માને દુર્લભ નવ કાંઈ.

સૌએ એ ગાન ઝીલ્યું. ત્યાર બાદ સર્વેશ્વરીએ એક ભજન ગાયું. સત્સંગ મુલાકત પૂરી થઈ. સૌ વિદાય તયા. યજમાન

પરિવારના મુખ્ય વ્યક્તિ શ્રી સોમાભાઈ જૈન ધર્મી છે. તેઓ તેમના નિયમો પાળે છે. પણ અહીં ઘણા નિયમો પળાતા નથી અને ૧૪ વરસની નાની ઉંમરથી બીડી—સીગારેટ પીવાનું વ્યસન ચાલ્યું આવે છે. તે અંગે પૂ. શ્રીએ એમને ગઈ રાત્રે જ કહેલું કે 'છોડી દો, એ તો છૂટી જશે. એ કાંઈ બહુ મોટો પ્રશ્ન નથી. તમે નિર્ણય કરો કે તે છૂટી જશે. તમે હવે તેને વળગો.' અને તેના અનુસંધાનમાં આજે જ તે ભાઈએ ગઈ રાતથી જ સીગારેટ છોડી દીધી! એમનું મનોબળ ને સંકલ્પ શક્તિ સારી હતી. તે અંગે પૂ. શ્રીને તેમણે આજે સત્સંગ પછી જાણ કરી. પૂ. શ્રીએ ધન્યવાદ આપ્યા.

સત્સંગ બાદ ખીચડી—શાકનું ભોજન લીધું. ભોજન બાદ આરામ.

સાંજે ૬:૦૦ વાગ્યે પ્રવચન માટે હોલમાં જવાનું હતું. તે પહેલાં ધ્યાનમાં બેસવાનું બને છે. પૂ. શ્રી છ વાગ્યે બહાર નીકળે છે. ત્યારે જાણવા મળે છે કે પ્રવચન સ્થળે ૬:૩૦ વાગ્યે જવાનું છે. ત્યાં વળી બે ભાઈઓ ને બે બેનો પૂ. શ્રીને પ્રણામ કરવા આવે છે.

પૂ. શ્રી કહે : આવ્યા છો તો થોડું બેસો. આપણે ત્યાં મંદિરે જઈએ તો થોડું બેસવાનો રિવાજ છે. શા માટે એ રિવાજ હશે?

પૂ. શ્રીના આદેશથી તે સૌ અંદર આવી બેસે છે. પૂ. શ્રી ને સર્વેશ્વરી પણ અંદર ખુરશી પર બેઠાં છે.

પૂ. શ્રીએ વાતો કરતાં કહ્યું : મંદિરમાં થોડું બેસવું જોઈએ. આખું જીવન જ ઉતાવળું છે. તો ભગવાન પાસે આવ્યા છીએ તો ત્યાં તો બે ઘડી બેસો. એ બેસવા પાછળ મંદિરમાં કથા—કીર્તન થતાં હોય તો તેનો લાભ મળે. વળી મંદિરમાં કોઈ



સંતપુરુષ નિવાસ કરતા હોય તો તેના દર્શનનો પણ લાભ મળે. વળી મંદિરમાં જઈએ તો શાંતિથી બે ઘડી પ્રાર્થના કરો. માટે બેસવું. કામ તો રોજનું છે. જીવન તો રોજનું છે તો બે ઘડી નિરાંતે થોડું બેસો પણ.

ત્યાં વળી શ્રી ભગવાનજી ભાઈએ આવનાર ભાઈબેનોની ઓળખાણ આપી. એટલે તરત પૂ. શ્રીએ કહ્યું : તમે ત્રણ વરસ ઉપર મળેલાં ત્યારે તમારો પહેરવેશ જુદો હતો. તમે સાડીને બદલે વાદળી રંગનો પહેરવેશ પહેરેલો, ખરી વાત ને? ઓળખી કઢાય, વાર ન લાગે. મુંબઈમાં અમે ભણતા, આઠ—નવ વરસની ઉંમર હતી. ત્યારે જે ગૃહપતિ હતા તે ઓચિંતા ૩૮ વરસે મળ્યા. તોપણ એને ઓળખતાં વાર ન લાગી. એ રીતે શ્રી શુક્લ પણ ૩૭ વરસે મળ્યા. તેમને પણ ઓળખી કાઢ્યા! વિદ્યાર્થી જીવન પછી તેઓ ઘણાં વરસે મળ્યા. કોઈ જીવો જીવનમાં ભેગા થાય, કોઈ છૂટા પડે, કોઈ વળી જીવનભર ભેગા થતા જ નથી. કોઈ વળી છેક છેવટે મોડા મોડા મળે. કેટલાક જીવો વળી રોજ જ મળે. કોઈ વળી જીવનની સંધ્યા સમયે પણ મળે.

આટલી વાતચીત બાદ આવનારા સૌ હોલ ઉપર જવા વિદાય થયા. અને ઈશ્વરભાઈ પૂ. શ્રી પાસે આવ્યા ત્યારે પૂ. શ્રીએ સહજ રીતે કહ્યું : 'આ દેશની સામે આપણે કોઈ પણ બાબતમાં લીડ કરી શકીએ એમ છીએ. ભારતમાં આત્મદર્શી અને પરમાત્માની અનુસંધાનવાળી શક્તિવાળી કોઈ એક વિભૂતિ એવી થાય જેથી આ લોકો પ્રભાવિત થાય. અને પછી પશ્ચિમ જગતને સંયમ, સાધના પરાયણ અનુભવવાળું જીવન જીવતાં શીખવી શકાય.'

ત્યાં તો ગાડી આવી ગઇ. પ્રવચન સ્થળે જવાની તૈયારી થઇ ગઇ. ૧૦ મિનિટ ગાડીમાં બેઠા એટલે હોલ આવી ગયો. હોલમાં બે એક સરખી બેઠકો બનાવી હતી. જ્યાં પૂ. શ્રી તથા સર્વેશ્વરી બેઠાં. તે પહેલાં એક ભજન શ્રી ઈશ્વરભાઇએ ગવડાવ્યું. પછી પૂ. શ્રીનો તથા સર્વેશ્વરીનો ટૂંકમાં પરિચય આપ્યો. પૂ. શ્રીએ 'ગુરુતત્ત્વ' ઉપર મનનીય પ્રવચન આપ્યું.

પ્રવચન બાદ સર્વેશ્વરીએ પોણો કલાક પોતાના પ્રભુપંથના જીવનની વાતો અંગેનો વાર્તાલાપ આપ્યો. છેવટે ભજન ગવડાવ્યું. સૌ પ્રસાદ લઇ છૂટા પડ્યા.

સમયસર ઉતારા ઉપર આવી ગયાં. પૂ. શ્રીનો સાંજનો અલ્પાહાર વઘારેલા મમરા હતા. તે તૈયાર થતા હતા ત્યાંસુધી પૂ. શ્રીએ સૌને બેસવા જણાવ્યું. સત્સંગની વિદેશની આ રાત્રી બેઠક પ્રથમ વાર શરૂ થઇ, અને તે પણ પ્રવચન આપ્યા પછી. જેનું કારણ, અહીં માત્ર બે જ દિવસ છે, એથી પણ પૂ. શ્રી પોતે શ્રમ વેઠીને જ્ઞાનામૃત પીરસવા માગતા હોય એવું લાગ્યું. જે હશે તે, પણ આ સત્સંગની નવી બેઠક ૯ થી ૯:૩૦ સુધી ચાલી. જેમાં નીચે મુજબના પ્રશ્નોની ચર્ચા થઇ.

પ્રશ્ન : શરીર છૂટે પછી એમાં રહેલું દિવ્ય તત્ત્વ ક્યાં જાય?

પૂ. શ્રી : જો જીવને આશા, ઇચ્છા, વાસના, તૃષ્ણા ન હોય તો તેનો મોક્ષ થાય. અંગારો જેમ અગ્નિમાંથી પ્રગટીને અગ્નિમાં ભળી જાય એમ. આશા, વાસના વિનાનો જીવ પરમાત્મામાં ભળી જાય, મોક્ષ થાય.

પણ મન હોય એટલે જન્મ—મરણ આવે. મન એ રાગ-દ્વેષનું, વાસનાનું જ બનેલું હોય છે. મન વિનાનો આત્મા પરમાત્મામાં ભળી જાય. જે જીવ સારી કે નરસી ઇચ્છાથી



બંધાયેલો છે તે જીવને તે તે ઇચ્છા પૂરી કરવા જન્મ લેવો પડે. પરમાત્મા નક્કી કરે તેને જ તે જ ક્ષણે જવાનું હોય છે. અને જીવને ખબર નથી ક્યાં જવાનું છે, ક્યારે જવાનું છે. જીવને તો ઘણું રહેવું હોય, છતાં જવું પડે. ઘણા અસાધ્ય રોગથી પીડાતા, સંસારથી કંટાળેલાને જવું હોય તોપણ મોત આવતું નથી, રહેવું પડે છે. તે રહેવાની, જવાની વાત માનવના હાથમાં નથી. કર્મ ને સંસ્કારના નિયમો પ્રમાણે કામ ચાલે. એની પાછળ આખું વ્યવસ્થિત તંત્ર છે.

પ્રશ્ન : આપે કોઇ જીવને શરીરમાંથી નીકળતા જોયો છે?

પૂ. શ્રીએ એના જવાબમાં પૂ. શ્રીના પ્રેમીપુરુષના જીવન-નો પ્રસંગ કહી સંભળાવ્યો.

પ્રશ્ન : આપ એ જીવને રહેવા માટે કેમ ન કહ્યું? કેમ આપે ભલે જાઓ એમ કહ્યું?

પૂ. શ્રી : કર્મના નિયમોમાં વિક્ષેપ શા માટે પાડવો?

પ્રશ્ન : પશુપક્ષીમાં વિવેક શક્તિ નથી તોપણ તેઓને કર્મના ફળ ભોગવવાં પડે?

પ્રશ્ન : શિષ્ય થવાની લાયકાત શી?

પ્રશ્નોત્તરી બાદ સૌ વિદાય થયા. પૂ. શ્રીએ હળવો નાસ્તો લીધો. દૂધ પીધું. સર્વેશ્વરી પોતાની ડાયરીનું વાચન કરવા બાજુના ઓરડામાં સૌ બેઠા હતા ત્યાં ગયાં, ત્યાં વાચન કર્યું. વળી આજે લીટલ રોક નામના સ્થળમાં જવું કે નહીં તે અંગે ફોનથી વાત થઇ. પછી પૂ. શ્રી સાથે થોડું ધ્યાનમાં બેઠાં. આરામ કર્યો.

વિદેશની ધરતી ઉપર જ્યાં બે દિવસ જ રોકાવાનું બને છે,

ત્યાં પૂ. શ્રી પોતે થોડો શ્રમ વેઠીને પણ ભાવિક ભાઈબેનોની માંગણી સ્વીકારી સત્સંગનો સમય થોડો વધારે છે. પૂ. શ્રીના બે વરસના સાંનિધ્યે આજે પ્રથમ વાર તે અનુભવવા મળ્યું. મુલાકાતની ત્રણ બેઠક થઈ—સવારે, સાંજે ને રાત્રે!

આ યાત્રામાં શ્રી ઈશ્વરભાઈ ને શ્રી ભગવાનજીભાઈ પણ જોડાયા છે. જેથી તેમના સ્વજનો પૂ. શ્રીના સત્સંગનો લાભ સહેલાઈથી લઈ રહ્યા છે. વળી 'અધ્યાત્મ' માસિકના આજીવન સભ્યો બનવાની યોજના પણ એ બંનેને લીધે સરળ બની રહી છે. પ્રભુ કોને, ક્યાં ક્યાં નિમિત્ત બનાવી કાર્ય કરાવવા માંગે છે તે તો તે જ જાણે! આજની નોંધ પૂર્ણ થાય છે.

હરિઃ ૐ (ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



પૂ. યોગેશ્વરજી રચિત

# 'પ્રકાશના પંથે' ગ્રંથનું પ્રકાશન પર્વ

ડો. બી. જે. જાગાણી

## ભવ્ય ઉજવણી–૨

બપોરના ભોજન પછી ગુરુલીલામૃતના પ્રથમ અને દ્વિતીય અધ્યાયનું સમૂહમાં ગાન થાય છે. ગ્રંથના વિમોચનની સ્મૃતિ ચિત્તમાં છે ત્યાં પૂ. માનાં દર્શનથી આંખો છલકાય જાય છે. છલકતી આંખોમાં કોઈ ઓટ ન આવે તે માટે પૂ. મા બપોર પછીની બેઠકમાં અતિ ઉત્સાહ ને મસ્તીથી સૌ સાધકોની વચ્ચે પધારી, વિરાજે છે.

શ્રી લક્ષ્મેશભાઈ જોશી શ્રી યોગેશ્વરજીનાં ગુણદર્શન પર પ્રકાશ પાડતું સરસ વક્તવ્ય આપે છે. વક્તવ્યનો સારભાગ કંઈક આ પ્રમાણે છે.

કોઈ પણ ગ્રંથની મુલવણી મીમાંસા દર્શન પ્રમાણે ૭ પરિમાણોને ધ્યાનમાં રાખીને થાય છે. ૧. ઉપક્રમ. ૨. ઉપસંહાર. ૩. અર્થવાદ. ૪. અભ્યાસ. ૫. અપૂર્વતા. ૬. ઉપપત્તિ. આ સાતેય પરિમાણની દૃષ્ટિએ શ્રી યોગેશ્વરજી રચિત 'પ્રકાશના પંથે' ગ્રંથ સર્વશ્રેષ્ઠ છે. આખાય ગ્રંથમાં આપણને બે વસ્તુ જીવાદોરી(Lifeline)ની માફક જોવા, અનુભવવા ને માણવા મળે છે, તે એ છે કે પૂર્ણતાની પ્રાપ્તિ પછી પૂ. શ્રીની ભાવના રાષ્ટ્રસેવા કે માનવવિકાસની છે. આ બે લક્ષ્ય સિદ્ધ કરવાનો પ્રયાસ અને તેનું વર્ણન એટલે 'પ્રકાશના પંથે' ગ્રંથનું સર્જન.

જેમ છાંદોગ્ય ઉપનિષદમાં શાંતિમંત્રમાં વર્ણવ્યા મુજબ **ય**

**उपनिषत्सु धर्मास्ते, मयि सन्तु, ते मयि सन्तु ।** ઉપનિષદોમાં જે ધર્મો—ગુણો કહ્યા છે, તે સર્વે ગુણો મારામાં પણ હો. તેવી રીતે થોડો ફેરફાર કરીને 'પ્રકાશના પંથે' ગ્રંથના છેલ્લા પૃષ્ઠ પર લખવું જોઈએ. **भगवती योगेश्वरे ये गुणाः आसन् ते गुणाः अस्मासु सन्तु ।** પૂ. શ્રી યોગેશ્વરજીના એ ગુણો અમારામાં પણ ઉતરો.

હવે પ્રશ્ન થાય કે પૂ. શ્રીમાં એવા તે કયા ગુણો હતા તેનું નિરુપણ કરતાં તારવણી કરી શકાય? તેઓમાં ૩૨ ગુણો હતા, જે સાધકે સેવવા પ્રયાસ કરવો જોઈએ.

૧. જગદંબાના સાક્ષાત્કારની તીવ્ર ઝંખના. ૨. સાધનામાં મૌન—ઉપવાસ. ૩. અશ્રુધારા સાથે ભાવપૂર્ણ પ્રાર્થના. ૪. ઈશ્વર-ની શરણાગતિ. ૫. રોજનીશી—ડાયરીનું લેખન. ૬. કવિ કર્મ-સાહિત્ય લેખન. ૭. મહાન—બનવાની મહત્વાકાંક્ષા. ૮. ધ્યેય-નિષ્ઠા. ૯. સાદુંભોજન. ૧૦. એકાંત જીવન. ૧૧. અક્રોધ. ૧૨. દત્તાત્રેયવૃત્તિ. ૧૩. રુઢિભંજકતા. ૧૪. વિધેયાત્મક વલણ. ૧૫. પ્રકૃતિ પ્રેમ. ૧૬. માતૃભક્તિ. ૧૭. મિત્ર સ્નેહ. ૧૮. તપસ્વિતા. ૧૯. દાન કરવું. ૨૦. અભય. ૨૧. સ્વદોષ-દર્શનની ટેવ. ૨૨. વૈરાગ્ય. ૨૩. સહિષ્ણુતા. ૨૪. સંયમ. ૨૫. સંત સમાગમ. ૨૬. તન્મયતા. ૨૭. ચતુરાઈ. ૨૮. સર-ળતા. ૨૯. સ્વચ્છતા. ૩૦. નમ્રતા. ૩૧. રાષ્ટ્રીયતા અને ૩૨. તિતિક્ષા.

આટલા ગુણોનું વર્ણન આખાય ગ્રંથમાં વિવિધ પ્રસંગોને તબક્કે આવે છે. કેટલાક મહત્ત્વના નોંધનીય ને ઉડીને આંખે વળગે તેવા પ્રસંગો ને ગુણો પર નજર કરીએ.

જગદંબાના સાક્ષાત્કાર માટે એવી તીવ્ર ઝંખના હતી કે



પાણી ઉપરના કઠોર ઉપવાસોની શ્રૃંખલાઓ સર્જી છે. તેનું વર્ણન કોઈપણનું કાળજું કંપાવી દે તેવું છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં ડાયરી લેખન કરતા જ કરતા જ. જો ડાયરી લેખન ના કર્યું હોત, તો કઈ તારીખે, કયા સ્થળે ને સમયે સમાધિમાં, જાગૃતિમાં, અર્ધ જાગૃતિમાં કે તંદ્રામાં કયા સિદ્ધ સંતનાં દર્શન થયા છે તેની માહિતી આટલી ચોકસાઈપૂર્વક ના મળત.

માતૃભક્તિ કેટલી પ્રબળ કે ગમે તે પરિસ્થિતિમાં પણ પ્રતિકૂળતાઓ વચ્ચે જ્યોતિર્મયી માતાને સાથે જ રાખ્યાં, તપ્યા અને સાક્ષી કર્યાં. સહિષ્ણુતા કેવી? લક્ષ્મીબાઈએ ઋષિકેશમાં ધર્મશાળામાં એક વર્ષ સુધી ગાળો દીધી, છતાં એક પણ ગાળ પૂ. શ્રીએ સામે ન દીધી અને પોતાની સહિષ્ણુતાની કસોટી ગાળો ખાઈને કરી. વૈરાગ્ય પણ કેટલો તીવ્ર? લગ્ન કરવાની દરખાસ્ત આવી ત્યારે સમાજે—સગાંસ્નેહીઓએ જાત—જાતની દલીલો કરીને સમજાવવા કોશિશ કરી, છતાં તારણ આપ્યું કે જીવનમાં વહેલામાં વહેલી તકે આત્મોન્નતિની પ્રાપ્તિની અભિ-લાષા હોય તેણે લગ્ન ન કરવું જોઈએ. ભોજનનો સંયમ પણ એટલો ઉત્કૃષ્ટ હતો કે ખીચડી કાચી રહી હોય, બટાઈ ગયેલી દાળ રંધાઈ ગઈ હોય તોપણ, કચવાટ નહીં. આ પ્રસંગે તારણ આપે છે કે ભૂખ તો લાગે છે, પણ તેને સહી શકાય છે. દાનનો સદ્‌ગુણ કેટલો મોટો! પોતે ત્યાગી છતાં કોઈ પૂ. શ્રીને દાન આપે તો તે રકમનો સદુપયોગ મસૂરીની શાળાના ગરીબ બાળકોની ફી ભરવા માટે કરતા. ઢોંગી બાવાઓ, ધૂણતી બહેનોનો ભ્રમ દૂર કરીને સાચા રસ્તે વાળીને રૂઢિભંજકતા તરીકે આરૂઢ થયા. ચતુરાઈ કેવી? ગોશાળાનું ફંડ લેવા આવ-

નારા બાવાની તરકીબોથી પ્રભાવિત થયા વિના પોતાની ઇચ્છા મુજબનું દાન પણ સામેવાળાનો ગુસ્સો કઢાવ્યા પછી જ આપ્યું.

આ બધા સદ્‌ગુણોનું પાન કરવું હોય તો 'પ્રકાશના પંથે' ગ્રંથ વાંચવો જ પડે ને પચાવવો પડે.

પ્રવચન પૂર્ણ થાય છે. ગંભીરતા વાતાવરણમાં છવાઇ ગઇ છે. પૂ. માને તો હળવાશ સાથે જ નાતો એટલે નાનકડા ત્રણ છોકરાઓ (આદિત્ય, પૂજન, શૂકન) બાલિકાઓનો ડ્રેસ પહેરીને પૂ. મા રચિત પદ 'હરિ તારા નામની ચૂડી પહેરાવી રે, ચૂડી પહેરી બની ગઇ હું દિવાની રે.' પર નૃત્ય રજૂ કરે છે. જ્યારે ઓળખાણ આપી ત્યારે ખબર પડી કે આ તો નાનકડા છોકરાઓ છે. પૂ. મા ખડખડાટ હસી પડ્યાં. પૂ. માએ ઊભા થઇને આ ત્રણેય બાળકોને આશીર્વાદ આપી પ્રસન્નતા વ્યક્ત કરી. પ્રસાદ ને ભેટ તો ખરી જ. સૌ સાધકો પણ છોકરાઓના આ અભિનય અને પૂ. માની આવી મુક્ત પ્રસન્નતા જોઇ, ખીલી ઊઠે છે.

પૂ. શ્રી યોગેશ્વરજીનાં સેવાકાર્યો પર શ્રી સંજય પંડ્યા વક્તવ્ય આપે છે. તેની દૃષ્ટિએ પૂ. શ્રીનાં સેવાકાર્યો પાંચ વિભાગમાં વહેંચી શકાય. ૧. શાંતિ. ૨. શિક્ષણ. ૩. સદ્‌-વિચાર. ૪. સંકલ્પ અને ૫. પૂ. માનું સર્જન.

શાંતિ માટે પૂ. શ્રીએ ધ્યાનશિબિરો, સત્સંગ શિબિરો ભારતમાં ને વિદેશમાં યોજી. આ શિબિરો દ્વારા અનેક સાધકોને શાંતિ આપી. કોઇને શાંતિ આપવી તે મોટામાં મોટી સેવા છે. પ્રત્યક્ષ માર્ગદર્શન આપીને, પ્રશ્નોત્તરીદ્વારા પથપ્રદર્શન કરીને જિજ્ઞાસુઓને શીતળતા ધરી છે. સ્વર્ગારોહણ તીર્થનું સર્જન કર્યું. જ્યાં આવવાથી શીતળતાની અને શાંતિની અનુભૂતિ



સતત થયા કરે છે. શિક્ષણક્ષેત્રની સેવામાં પૂ. શ્રીએ મસૂરીમાં ગાંધી નિવાસ સોસાયટીમાં દાનની સરવાણી વહાવી. આ સરવાણીદ્વારા મસૂરી જેવા વિસ્તારમાં શિક્ષણની સુવાસ પ્રસરી. સદ્‌વિચારની સેવા એટલે ગ્રંથોનું સર્જન. પૂ. શ્રીએ ૧૦૦ જેટલા ગ્રંથો રચ્યા. સાક્ષાત્ સરસ્વતિ બનીને અઘરા શાસ્ત્રોને સરળ બનાવ્યા. ઉપનિષદ, મહાભારત, રામાયણ, ગીતા, બ્રહ્મસૂત્ર, નારદભક્તિ સૂત્ર, પાતંજલ યોગદર્શન, વિષ્ણુસહસ્ર-નામ, શિવમહિમ્નસ્તોત્રને સરળભાષામાં અનુવાદિત કર્યા ને લોકભોગ્ય બનાવ્યા. પદો, પ્રાર્થનાઓ, સ્તુતિઓ પણ એટલી આપી કે રુચિ પ્રમાણે સાધક એમનો આધાર લઇને સંસાર સાગર પાર કરી શકે.

સંકલ્પદ્વારા કરેલી સેવા નોંધનીય છે. ભારતની આઝાદીની લડતમાં સક્રિય ભૂમિકા કોઇ ભજવી નહીં, પણ ગાંધીજીદ્વારા કરવામાં આવેલી આ લડતમાં મનથી, પ્રાર્થનાથી, અકલ્પ્યરીતે પ્રચ્છન્નતાથી સઘળો ભાર ઊઠાવી જગદંબાને પ્રાર્થના કરીને તલસતા રહ્યા. આઝાદી માટે હિંસાનો માર્ગ, અહિંસાનો માર્ગ સૌ કોઇ પોતાની રુચિ પ્રમાણે પસંદ કરતા પણ પૂ. શ્રીએ પરમ-શક્તિની આરાધનાદ્વારા સંકલ્પનો અહિંસક માર્ગ અપનાવ્યો.

પૂ. મા સર્વેશ્વરીનું સર્જન એ પૂ. શ્રીની અદ્વિતીય સેવા છે. પૂ. મા દ્વારા પૂ. શ્રી જ સેવા કરી રહ્યા છે. સંસારમાં અનેક પ્રકારની અસલામતિ વચ્ચે પણ પૂ. માના આશીર્વાદ, સ્મરણ, દર્શન, વંદન, પ્રણામ, શ્રદ્ધા, પ્રેમ, ભક્તિ ને શરણાગતિ જ સાધકને ટકાવી રાખે છે. પૂ. શ્રીએ પૂ. મા મને આપ્યાં છે, એટલે મારો પરિવાર ને હું સુખી છીએ. આવું જ બધાનું છે. પૂ. મા જે યુગકાર્ય પ્રચ્છન્ન રીતે કરી રહ્યાં છે, તેમાંનું કેટલુંક ખુલ્લી આંખે પણ જોઇ શકાય છે.

શ્રી સંજયભાઈની આગવી, લાક્ષણિક ને સરળ પદ્ધતિથી સૌ કોઈ સાધકને 'પ્રકાશના પંથે ગ્રંથ' વાંચવાની ને સજવાની દૃષ્ટિ મળે છે અને પૂ. માના અવતારકાર્યોને માણવાની સૂઝ પ્રાપ્ત થાય છે. શ્રી મનોજભાઈ દરુ આજના બધા વક્તાઓના વક્તવ્યોની સરસ સમીક્ષા કરી સૌ સાધકોને સારભાગ સમ-જાવી દે છે. આ સારભાગ એટલે 'પ્રકાશના પંથે' ગ્રંથ પચાવવા માટેની આધ્યાત્મિક વિટામિન્સની ગોળીઓ જ.

પ્રવચનોની શ્રૃંખલા પછી એક જાહેરાત થાય છે. આખો દિવસ 'પ્રકાશના પંથે' ગ્રંથ પર પ્રવચનો સાંભળ્યા, વિમોચન પ્રસંગનું દર્શન કર્યું પણ સાધક પાસે તે ગ્રંથ હજુ આવ્યો ન હતો. પૂ. મા બધા સાધકોને રૂ. ૬૦૦ નો આ ગ્રંથ (ભાગ–૧ અને ભાગ–૨) રૂા. ૨૫૦ માં પોતાનાં વરદ હસ્તે જ આપે છે. આ ગ્રંથ આર્ટ પેપરમાં પ્રકાશિત થયેલો છે એટલે વજન બે કિલોગ્રામ જેટલું થાય. પૂ. મા ૧૫૦ ગ્રંથો શ્રમિત શરીરે ઊભાં રહીને સૌ સાધકોને વરદ હસ્તે જ આપે છે. કેવો ભાવ! સન્માનપૂર્વક વિમોચન ને સન્માનપૂર્વક વહેંચણી. ગ્રંથમાં જેની ઉપાસના કરવામાં આવી છે તે જ સ્વયં ગ્રંથ અર્પણ કરે છે. સાધકોનું પણ કેવું ભાગ્ય? સૌ ધન્યતા અનુભવતા અનુભવતા સાંજનું ભોજન લેવા શક્તિભુવનમાં જાય છે.

રાત્રિની બેઠકમાં, સપ્તપદી વૃક્ષની નીચે બનાવેલી પૂ. માની બેઠકમાં પૂ. મા પધારે છે. સૌ સાધકોને પૂ. શ્રીએ વિદેશમાં આપેલા પ્રવચનની ડી.વી.ડી. દર્શાવાય છે. અનન્ય ભક્તિ પરના પ્રવચનની રત્નકણિકાઓ આ મુજબ છે.

● ભગવાનને માટે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પ્રેમ હોય



તો અનન્ય ભક્તિ થાય. જો અનુકૂળતા હોય અને મન અનુકૂળ ન હોય તો પછી સંસારના પદાર્થો તરફ આસક્તિ થાય ને મન વિષયો તરફ વળે.

● જીવનો એવો સ્વભાવ છે કે પાણીનો રેલો જેમ ઢાળ તરફ વહે તેમ ઈન્દ્રિયો વિષયો તરફ જાય છે. આ ઈન્દ્રિયોને આત્મા તરફ વાળવી.

● સુખ અને દુઃખમાં ભજે તે આદર્શ ભક્ત ગણાય. કર્મોનાં ફળ પ્રમાણે કોઈ મિત્ર થાય, શત્રુ થાય, તાપ મળે, છાયા મળે, જન્મ થાય, મરણ થાય પણ એમાં ભગવાનને ભૂલવાનું નથી. પ્રત્યેક પરિસ્થિતિમાં ભગવાનને ભજવાના છે.

● જે જીવ ભગવાનને વળગી રહે છે તે સુખ ને શાંતિથી સંપન્ન થાય છે.

## વૃત્રાસૂરની પ્રાર્થના

વૃત્રાસુરની પ્રાર્થના સૌથી સારી ને નાની છે. ચાર જ શ્લોકની પ્રાર્થના છે. આ પ્રાર્થના કરવી જોઈએ.

**अहं हरे त्व पादैकमूलदासानुदासो भवितास्मि भूयः ।**
**मनः स्मरेतासुपतेर्गुणास्ते गृणीत वाक् कर्म करोतु कायः॥**

'હે પ્રભુ, તમે મારા પર એવી કૃપા કરો કે બીજા જન્મમાં મને તમારાં શ્રી ચરણોના એકનિષ્ઠ ભક્તો કે સેવકોની સેવા કરવાનું સુરદુર્લભ સૌભાગ્ય પ્રાપ્ત થાય. મારું મન તમારું સતત સ્મરણ કરે, વાણી તમારાં રોજ ગુણગાન ગાય અને શરીર તમારી સેવા કરે.'

**न नाकपृष्ठ नच पारमेष्ठ्यं न सार्वभौमं न रसाधिपत्यम्**
**न योगसिद्धिरपुनर्भवं वा समजंस त्वा विरहय्य कांक्षे ॥**

'મને સ્વર્ગની પ્રાપ્તિની ઈચ્છા નથી, બ્રહ્મલોક, સૃષ્ટિનું સામ્રાજ્ય, રસાતલનું એકછત્ર રાજ્ય, યોગની સિદ્ધિઓ તથા મોક્ષની પણ કામનાઓ નથી. તમને મૂકીને મારું મન બીજે ક્યાંય નથી લાગતું. હું તો તમારો એકનિષ્ઠ અનુરાગ અથવા પ્રેમ જ ઈચ્છું છું.'

**अजातपक्षा इव मातरं खगाः स्तन्यं यथा वत्सतराः क्षुधार्ताः ।**
**प्रियं प्रियेव व्युषितं विषण्णा मनोऽरपविंदाक्ष विदक्षते त्वाम् ॥**

'પાંખ વગરનાં પંખીનાં બાળકો જેવી રીતે પરમ પ્રેમપૂર્વક ઉત્કટતાથી પ્રેરાઈને પોતાની માતાની આવવાની પ્રતીક્ષા કરે છે; જેવી રીતે વિરહ વેદનામાં ડૂબેલી પ્રિયતમા પોતાના પ્રવાસી પતિને મળવા માટે ઉત્સુક બને છે, તેવી રીતે હે પ્રભુ, મારું મન તમને મળવા માટે હંમેશ આતુર બનો.'

**ममोत्तमश्लोकक्षनेषु सख्यं संसारचक्रे भ्रमतः स्वकर्मभिः ।**
**त्वन्माययाऽऽत्मात्मजदारगेहे श्वासक्तचित्तस्य न नाथ भूयात् ॥**

'આ જન્મમાં મને મુક્તિ મળવાની નથી. મારે ફરીવાર જન્મ લેવો પડશે, અને લેવો પડે એની ચિંતા પણ નથી. મારી ઈચ્છા તથા પ્રાર્થના એટલી છે કે મારા કર્મસંસ્કારોને અનુસરીને મારે સંસારચક્રમાં ગમે ત્યાં ફરવું પડે ત્યાં મને તમારા પ્રેમી કૃપાપાત્ર ભક્તોનો તથા સત્પુરુષોનો સમાગમ સદાને માટે થયા કરે. તમારી માયાને લીધે જે માનવો સ્ત્રી, પુત્ર, દેહ ગેહાદિમાં આસક્ત થયા હોય તેમની સાથે મારે કોઈ સંબંધ ના રહે. મારું પોતાનું મન પણ તમને મૂકીને અન્યત્ર કોઈ પણ કારણે મમત્વ ના કરે અથવા આસક્ત ના બને. એ કેવળ તમને જ મળવાનો ને મેળવવાનો મનોરથ કરતું રહે.'

વિદેશમાં પૂ. શ્રીએ અનન્ય ભક્તિ પર મહાભારત,



રામાયણ અને પોતાના પર પડેલા દુઃખોના આધારે દૃષ્ટાંતોનું વર્ણન કરી પ્રવચન આપ્યું તે કેટલું જીવંત અને ચિરંતન છે તેનો ખ્યાલ પ્રવચન સાંભળનારને આવ્યો.

મોરબીથી શ્રી હરિભાઈ ભોજાણી સાંસ્કૃતિક કાર્યક્રમ આપવા નાનકડાં બાળકોને લાવ્યા. આ બાળકોએ પૂ. શ્રીના જીવન આધારિત (જાદુગરી સાધુ, પરમાર્થ કરવાની ભાવના-વાળા શ્રીમંત શેઠ, પ્રેતનો પ્રસંગ, ચંપકભાઈ વોરાનો ટી.બી.નો પ્રસંગ) નાટકો રજૂ કર્યાં. પૂ. મા, બાળકોએ નાટકના ડાયલોગ રજૂ કર્યા તેથી, ખૂબ પ્રસન્ન થયાં ને નાનકડાં બાળકોને તાલી, પ્રસાદ, ભેટ, રોકડ રકમથી વધાવી લીધાં.

'વંદન કરું પ્રભુ ચરણોમાં આજે...' પદ ગાઈને પ્રથમ દિવસની પૂર્ણાહુતિ થઈ. સૌ સાધકો નિદ્રાધિન થાય છે. યુવા-ભક્ત બહેનો—ભાઈઓ સ્વર્ગારોહણની નાની મોટી સેવામાં લાગી જાય છે.

આ પ્રથમ દિવસે સવારે સ્વર્ગારોહણતીર્થના પ્રવેશદ્વારથી આગળ પૂ. માના અક્ષરે 'સત્કર્મની સરવાણી'નામનું એક દર્શનીય બોર્ડ મૂકાય છે જે સેવાયજ્ઞની સરવાણીની સાક્ષી પૂરે છે. આ સેવાયજ્ઞમાં દાતાઓએ યથોચિત યોગદાન પૂ. માની પ્રેરણાથી આપ્યું છે.

○

# સત્કર્મની સરવાણી

તા. ૨૪–૧૨–૨૦૦૫ થી તા. ૧–૧–૦૬ પ્રકાશનપર્વે સ્વર્ગારોહણને આંગણે વિવિધ સેવાયજ્ઞો.

૧. ૫૦૦ વિદ્યાર્થીઓને વસ્ત્રો. ૨. ૨૦૦ પરિવારને અન્ન. ૩. ૧૦૮ વિધવાબેનોને કૃષિબિયારણ ૪. નેત્રરોગ ચિકિત્સા.

| | | | |
|---|---|---|---|
| ૧. | શિવમ્ વિજયભાઇ કનેરિયા | રાજકોટ | સ્કૂલબેગ–૫૦૦, પ્યાલા, પ્રસાદ–૫૦૦ |
| ૨. | નમન | યુ.એસ.એ. | સાડી–૧૫૦, ધોતી–૧૫૦, એક દિવસનો મહાપ્રસાદ |
| ૩. | શ્રીઅરુણાબેન, ગીતાબેન ઠાકર | અમદાવાદ | સ્વેટર–૫૦૦, ટોપી–૫૦૦ કંપાસ–૫૦૦ |
| ૪. | શ્રીપંકજ પરમાર્થી ભક્ત | યુ.એસ.એ. કર્પૂરવન | કથરોટ–૩૦૦, એક દિવસનો મહાપ્રસાદ |
| ૫. | શ્રીસુશીલાબેન ભક્ત | યુ.એસ.એ. | ધાબળા–૩૦૦, સ્લીપર–૩૦૦, એક દિવસનો મહાપ્રસાદ |
| ૬. | શ્રીમેનાબેન જાવિયા | રાજકોટ | શેતરંજી–૩૦૦, ટુવાલ–૩૦૦ |
| ૭. | શ્રીગોવિંદભાઇ | યુ.એસ.એ. | ૨૦૦ પરિવારને અનાજ |
| ૮. | શ્રીરાજુભાઇ જાની | ભાવનગર | ૧૦૮ પરિવારને કૃષિ–બિયારણ |
| ૯. | શ્રીઓકોલિયા પરિવાર | ભાવનગર યુ.એસ.એ. | આઇકેમ્પ, એક દિવસનો મહા-પ્રસાદ |
| ૧૦. | શ્રીજગદીપ પરિવાર શ્રીનયનાબેન | કર્પૂરવન યુ.એસ.એ. | એક દિવસનો મહાપ્રસાદ |
| ૧૧. | શ્રીભગવાન-ભાઇ ભક્ત | યુ.એસ.એ. | એક દિવસનો મહાપ્રસાદ |
| ૧૨. | શ્રીદીપકભાઇ મહેતા | સૂરત | એક દિવસનો મહાપ્રસાદ |



### શ્રી શ્રી મા શારદાદેવી

# કૌટુંબિક જવાબદારીઓ–(૮)

(ગતાંકથી ચાલુ) **પ્રો. અરુણિકા મનોજ દરૂ**

સ્વામી યોગાનંદના મૃત્યુ પછી ચાર માસમાં માતાજીના નાનાભાઇ અભયાચરણનું મૃત્યુ થયું. શ્રીમાએ આ ભાઇને પુત્રવત્ ઉછેરેલો. એટલે એના મરણનો તેમને કારમો આઘાત લાગેલો. અભયાચરણે મરતી વખતે ‘મોટીબહેન આ બધાને સંભાળજો’ કહેલું. એટલે માતાજીએ તેની પત્ની સુરબાળા જે તે વખતે સગર્ભા હતી તેની સંભાળ લીધી હતી. સુરબાળા પતિના મૃત્યુ પછી વૈધવ્યના, તેના દાદીમા અને માસીના મૃત્યુના આઘાતે પાગલ થઇ ગયેલી. શ્રીમાએ સુરબાળાની અને તેને જન્મેલી પુત્રી રાધારાણી જેને શ્રીમા રાધુ કે રાધી કહેતાં તેની જીવનભર સંભાળ લીધી હતી. માતાજીના સદાયે ઊર્ધ્વગામી મનને વ્યાવહારિક જગતમાં ખેંચી રાખવા માટે અને તે દ્વારા યુગધર્મપ્રવર્તનનું કામ સારી રીતે કરાવવા માટે જ ઠાકુરે એમને મમતાનાં બંધનોમાં આ રીતે બાંધી રાખ્યાં હતાં. એમાં રાધુનું બંધન સૌથી દૃઢ હતું. એને આધાર કરીને માતાજીને જીવાદોરી ટકાવવી પડેલી. માતાજીની એ જોગમાયા હતી. કોઇવાર ભક્તો કહેતા “મા! તમારે વળી આ રાધુની આસક્તિ કેવી?” ત્યારે માતાજી કહેતાં “જ્યારે વીજળી ચમકે ત્યારે કાચની બારીમાં જ તેનું પ્રતિબિંબ પડે, લાકડાની બારીમાં નહીં.” જ્યારે રાધી પરથી મન ઊઠી જશે ત્યારે આ દેહ નહીં રહે. રાધીરૂપી માયાના બંધને તો તેમને જગતમાં જકડી રાખેલાં. જે ઉપલકિયા ભક્તો હોય તે તેને આસક્તિ સમજી ભલે ચાલ્યા

જાય. જે સમજે છે તે ટકી રહેશે, અને તે જ જરૂરી પણ હતું.

શ્રીરામકૃષ્ણના આદેશ પ્રમાણે કેવળ માનવલીલાના આધાર-રૂપે એ જોગમાયારૂપી રાધુને પૂરેપૂરી રીતે પોતાની કરી લેવા છતાં માતાજીને એને માટે ઘણાં કષ્ટો વેઠવાં પડ્યાં હતાં. રાધુને લીધે માયામાં પડી તેમને ઘણું સહન કરવું પડેલું. શ્રીમાએ એ રીતે ઐહિક જીવનનો સર્વાંગે સ્વીકાર કરીને એ દ્વારા પોતાના દૈવી જીવનની ઓળખ આપી હતી. સુખદુઃખથી ભરેલા આ સંસારમાં પ્રતિકૂળ ક્ષેત્રમાં આત્મસ્થ રહી, દિવ્યજીવનનો સ્વાદ કેવી રીતે માણી શકાય તેનો પરિચય ઠાકુરના જીવન પરથી થાય, તેથી વિશેષ શ્રીમાના જીવન પરથી સમજી શકાય છે. સાંસારિક સંજોગો, કૌટુંબિક જવાબદારીઓ ઉદ્વેગ, ક્લેશ વગેરેની વચ્ચે રહી માતાજીએ જે દિવ્યજ્યોતિથી પ્રકાશિત વ્યવહાર કર્યો, તે ખરેખર સામાન્ય જનસમાજ માટે આદર્શરૂપ ગણી શકાય તેમ છે.

શ્રીમાના ભાઈઓ કાલીચરણ અને પ્રસન્ન હંમેશાં માતાજી પાસે દુઃખના રોદણાં રડતા અને શ્રીમા પાસે પૈસા માગ્યા કરતા તેથી એક વાર અકળાઈને શ્રીમાએ કહેલું : ''એ લોકો ફક્ત 'પૈસા આપો' કહ્યા કરે છે. કોઈ દિવસ ભૂલથી પણ જ્ઞાન અને ભક્તિ નથી માગતા. તેથી કહું છું કે એમને જે જોઈએ તે ભલે મળતું. માતાજીની કૃપાથી એમને સંસારમાં કશો જ અભાવ ન હતો. જગદંબા સમાન બહેનના ઈશ્વરીય રૂપથી ભાઈઓ શું અજાણ હતા? માતાજીના કાકા નીલમાધવ કોઈકને ત્યાં રસોઈયાની નોકરી કરતા હતા. તેઓ અપરિણીત હતા. નોકરીમાંથી છૂટા થયા પછી જીવનનાં છેલ્લાં વર્ષો તેમણે માતાજીની સાથે ગાળ્યાં. માતાજી પોતે તેમની દેખરેખ રાખતાં.



આમ યોગેન હોય કે રાધુ હોય, પાગલીભાભી સુરબાળા હોય કે વૃદ્ધ કાકા નીલમાધવ હોય, માતાજીનો પ્રેમ સહુ તરફ માતૃવત્ અસ્ખલિત વહેતો. શ્રીમા તો સહુનું ધ્યાન રાખતાં અને સહુની નાનીમોટી સગવડ સાચવતાં, પણ પાગલ સુરબાળા અદેખાઈને લીધે તે સહન કરી શકતી નહીં. તે એમ માનતી કે માતાજીએ એને માટે અને એની દીકરી રાધુ માટે જ બધું કરવું જોઈએ.''

રાધુ સગર્ભાવસ્થામાં એક નાનો સરખો અવાજ પણ સહન કરી શકતી ન હતી, તેથી માતાજી તેની સગવડ સાચવવા કોઆલપાડાના જગદંબા આશ્રમમાં રોકાયેલાં. ત્યારે બોલેલાં ''જંગલમાં તમને લોકોને લઈને પડી છું. ધર્મ, કર્મ, જપતપ બધું ગયું. હવે ફક્ત એમની કૃપાથી રાધુને કંઈ ન થાય તો સારું'' શ્રીમાને ઈશ્વર પર સંપૂર્ણ ભરોંસો હોવા છતાં રાધુનો રોગ મટાડવા જે કોઈ જે કહે તે ઉપચાર માતાજી કરતાં, પછી તે કાલીની પૂજાની ચૂડી પહેરવાની હોય કે તાંત્રિકને બોલાવવાનો હોય, માથે બરફ મૂકવાનો હોય કે પ્રેતપૂજા હોય—એ દર્શાવે છે કે શ્રીમાનું માતૃહૃદય રાધુ માટે કેવું વ્યાકુળ બની જતું હતું!

એક વાર શ્રીમાએ ડો. મુખરજીને કહેલું : ''સંસારમાં પડવું કે સગાંસંબંધીને લઈને રહેવું મહાપાપ છે. રાધીના લગ્ન કરી મેં બહુ ભૂલ કરી છે, હવે એનું ફળ ભોગવું છું. રાધુને સુવાવડ પછી અતિ નબળાઈ લાગતી. ઊભી નહોતી રહી શકતી. ઘૂંટણિયે ચાલતી કપડાં પણ નહોતી પહેરતી. અફીણ ખાવાની ટેવ પડેલી. તે સમયે શ્રીમાની પોતાની તબિયત પણ સારી રહેતી ન હતી. તેમાં આ બધી ઉપાધિ માતાજીને સહન કરવી

પડતી હતી. એક દિવસ શ્રીમા શાક સમારતાં હતાં ત્યાં રાધુ અફીણ લેવા આવી, માતાજીએ સહજભાવે ઠપકો આપ્યો તો રાધુએ ટોપલીમાંથી મોટું રીંગણું લઇ શ્રીમાને પીઠપર જોરથી માર્યું. શ્રીમાની પીઠ સૂઝી ગઇ. છતાં ધીરજ રાખી શ્રીમાએ ઠાકુરની છબી પાસે જઇ કહ્યું : “રાધુ અણસમજુ છે. એના દોષ માફ કરજો.” પછી રાધુને કહ્યું : “તું આટલું કષ્ટ આપે છે? તું મારું મૂલ્ય શું સમજે? તમારા બધાની સાથે રહું છું એટલે તમે શું સમજો છો?... જો હું ગુસ્સે થાઉં તો ત્રિભુવનમાં પણ કોઇ તને આશ્રય નહીં આપે” આ પ્રસંગ પરથી સ્પષ્ટ થાય છે કે પ્રબળ આંતરિક શક્તિ તેમનામાં પ્રચ્છન્નરૂપે હતી. શ્રીમાના સામાન્ય સ્ત્રી જેવા રોજિંદા સહજ વ્યવહારથી ભાગ્યે જ સામાન્ય જનને તેનો ખ્યાલ આવે. શ્રીમાથી જો આવા પ્રસંગે કંઇ પણ બોલાઇ જાય તો તે સત્ય ઠરે જ. માટે શ્રીમા અતિશય ધીરજ તથા શાંતિથી કામ લેતાં. શક્ય હોય તો ચૂપચાપ સહન કરી લેતાં. આવા પ્રસંગો શ્રીમાની મહત્તાના સૂચક છે.

ઠાકુરની ઇચ્છા પ્રમાણે આ સ્નેહસંબંધ ધીમે ધીમે એની મેળે ઢીલો પડી ગયો હતો. શ્રીમાનું મન રાધુથી અલિપ્ત થતું જતું હતું. શ્રી મા ખુદ બોલ્યાં હતાં કે “આ રાધી પર મને હવે જરા પણ આસક્તિ નથી. એના મંદવાડને લીધે હવે મને અણગમો આવી ગયો છે.” આમ શ્રીમા રાધુ પર મન રાખવા માગતાં, છતાં મન રહેતું નહીં. માતાજીના સ્નેહને લીધે એનામાં કોમળતા નહોતી આવી, પણ ઉદ્ધતાઇ અને તે સાથે ચીડિયા-પણું વધી ગયાં હતાં. તે સાથે એની માતા સુરબાળાનું ગાંડપણ પણ એનામાં કૈંક અંશે ઊતર્યું હતું. તેથી જ તે શ્રીમાને ગાળો પણ દેતી અને શ્રીમાનું અપમાન પણ કરતી. ક્વચિત્ શ્રીમાને લાત પણ મારી બેસતી. ત્યારે શ્રીમા પોતાની ચરણરજ તેને માથે ચઢાવી આશિષ આપતાં. માતાજીના દેહાવસાનના ટૂંક સમય પહેલાં એક વાર રાધુએ શ્રીમાને કહ્યું : “તું મરી જા.” ત્યારે શ્રીમા માંદા જ હતાં. તેમણે કહ્યું : “હા, હું મરી જઇશ ત્યારે તારી કેવી દશા થશે તે ખબર પડશે. આજે નવું વર્ષ છે આજે સાચે જ કહું છું કે તું પહેલાં મર પછી હું નિરાંતે મરીશ.” રાધુ આ શબ્દો પાછળનો માતાજીનો પ્રેમ સમજી ન શકી અને બબડવા લાગી ત્યારે માતાજીએ એક સ્ત્રીભક્તને કહ્યું : “પંખો નાખ દીકરી, એના અત્યાચારને લીધે મારાં હાડકાં પણ બળતાં લાગે છે.” આ પ્રસંગ પછી ત્રણેક માસમાં જ શ્રીમાએ પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી.



સાધારણ અર્થમાં માતાજીનું મન સંસારમાં કદી પણ લિપ્ત ન હતું. તોપણ સંસારના કૌટુંબિક આઘાત—પ્રત્યાઘાતો વચ્ચે એમના ચારિત્રમાં અપૂર્વ સહાનુભૂતિ, ધૈર્ય, દયા, સ્નેહ, માધુર્ય, ક્ષમા વગેરે માતૃસુલભ સદ્‌ગુણો પ્રકાશ પામ્યાં હતાં. ગંગામૈયામાં લોકો અનેક જાતની ગંદકી કરે તોપણ ગંગામાતા પવિત્ર જ રહે છે. તે રીતે માતાજી સતત સંસારરત અને વ્યાવહારિક કર્મો કરતાં દેખાય તોપણ તેમની આંતરિક પવિત્રતા અકબંધ જ રહેતી. દુન્યવી જનસમાજ તેમને એક સામાન્ય સ્ત્રી સમજી બેસે, પણ તેમનું ભાવવિશ્વ તો દુન્યવી સમાજથી કૈં કેટલુંય ઊર્ધ્વ ને અલિપ્ત જ હોય, તેની પ્રતીતિ તો અંતરંગ ભક્તોને વખતોવખત મળ્યા કરતી અને એટલે જ એ ભક્તો તેમને આદર અને સન્માનથી જોતા, તેમના પગ પૂજતા, તેમની આજ્ઞા માથે ચઢાવતા, તેમનો કૃપાપ્રસાદ મેળવીને ધન્યતા અનુભવતા.

શ્રીમાના ભાઈઓ કાલીચરણ, પ્રસન્ન અને વરદા અંદર અંદર ઝઘડ્યા કરતા. પ્રસન્નની પ્રથમ પત્નીથી થયેલી પુત્રી નલિની તેને સાસરેથી પાછી આવેલી તે છૂતાછૂતમાં માનતી અને એ રીતે હેરાન કરતી. સુરબાળા સુવાવડની માંદગીમાં પાગલ થઈ ગયેલી અને તે શ્રીમાને હેરાન કરતી. રાધુ તો માતાજી માટે સમસ્યારૂપ જ હતી. માતાજીએ તેમની ભાભી-ઓને અને તેમની દીકરીઓને પણ પોતાની પાસે રાખી રાંધતાં પણ શીખવેલું અને બીજી રીતે ઘરકામમાં પણ પ્રવીણ કરેલી. મોટીભાભી સુવાસિનીએ શ્રીમા પાસે મંત્રદીક્ષા પણ લીધી હતી. શ્રીમાએ એક વાર એ સંદર્ભમાં કહેલું કે આના સિવાય કુટુંબમાંથી મારી ખબરઅંતર કોઈ નથી લેતું. પાછળથી માકુ, કાલીચરણનો પુત્ર ભૂદેવ, તેની સ્ત્રી, રાધુ તથા તેના વર મન્મથને પણ શ્રીમાએ દીક્ષા આપેલી.

ભાઈઓનો સ્વાર્થ, ભત્રીજીઓની પરસ્પરની ઈર્ષ્યા, નલિનીનું મરજાદીપણું, રાધુની અવળચંડાઈ, સુરબાળાનું ગાંડપણ—આ બધા વાતાવરણમાં ધૈર્યની મૂર્તિ સમાં માતાજી શાંતિથી સંસારની ફરજો બજાવતાં હતાં, તેના કેટલાક પ્રસંગો અહીં જોઈ લઈએ. સુરબાળાના બાપે રાધુના ઘરેણાં લઈ લીધાં અને પાછાં ન આપ્યાં. શ્રીમાએ તકલીફ વેઠી જેમતેમ કરીને ‘કૈસર’ લલિતની મદદથી પોલીસવેષના નાટકદ્વારા અપાવ્યાં. આવા નાટક દરમ્યાન કદાચ સુરબાળાના પિતા જેવા વૃદ્ધ બ્રાહ્મણનું ક્યાંક અપમાન થઈ જાય એવો શ્રીમાને ભય લાગ્યો. એ વિચારે આખી રાત શ્રીમાને ઊંઘ ન આવી, તેથી વાયુના પ્રકોપથી માથું ભમવા લાગ્યું. જે બ્રાહ્મણે આટલી બધી ઉપાધિમાં નાંખ્યા તેનું પણ અપમાન ન થાય તે માટે શ્રીમા



કેટલી ચિંતા કરતાં હતાં! સંસારીજીવનની આવી વ્યર્થ ચિંતા પણ શ્રીમાને કરવી પડતી. બીજો એક પ્રસંગ જોઈએ. એક વખત સુરબાળાને વિચાર આવ્યો કે માતાજી બધું ખરચી નાંખે છે તો રાધુનું ભવિષ્યમાં શું થશે? એટલે તેણે માતાજી પર તેવો આક્ષેપ મૂક્યો અને શ્રીમાને ગાળો ભાંડી. જવાબમાં માતાજીએ કહ્યું : “તું મને સાધારણ માણસ નહીં માનતી. હું જો ખરેખર નારાજ થાઉં તો તારું રક્ષણ કરશે કોણ? તારી પુત્રીનો ઉછેર જ્યાંસુધી બરાબર નહીં થાય ત્યાંસુધી હું છું. નહીં તો વળી મને શાની માયા હોય? હમણાં જ આ બંધન કાપી નાખી શકું એમ છું. એક વખત કપૂરની માફક ઊડી જઈશ ત્યારે તને ખબર પણ નહીં પડે.”

એક દિવસ માતાજી રાતે શાક સમારતાં હતાં ત્યારે અચાનક રાધુની પાગલ માતા સુરબાળાએ આવીને કહ્યું : “તમે જ રાધુને અફીણ ખવડાવી પાંગળી કરી નાંખી છે અને તમારે વશ રાખી છે. મારા દૌહિત્ર અને મારી દીકરીને તમે મારી પાસે આવવા દેતાં નથી.” માતાજીએ નિર્વિકારભાવે જવાબ આપ્યો : “લઈ જાને તારી દીકરીને, મેં એને ઓછી સંતાડી રાખી છે.” એટલે સુરબાળા તો વધારે ગુસ્સે થઈ. ગાળો દીધી પણ તેથી તેને સંતોષ ન થયો એટલે તે તો ચૂલામાંથી સળગતું લાકડું શ્રીમાને મારવા માટે લઈ આવી. આ ભયંકર દૃશ્ય જોઈ માતાજીએ બૂમ પાડી : “અરે! ત્યાં કોણ છે? આ પાગલી મને મારી નાંખવા આવી છે.” બ્રહ્મચારી વરદા તરત દોડી આવ્યો અને શ્રીમાના માથા પાસે જતું સળગતું લાકડું તેણે ઝૂંટવી લીધું. પછી તેણે તે પાગલને બહાર કાઢી અને અંદર આવવાની મનાઈ કરી. માતાજીથી આ પ્રસંગે

સહજ રીતે બોલાઈ ગયું ''તારો એ હાથ ખરી પડશે.'' બોલતાં તો બોલાઈ ગયું પછી બીજી જ ક્ષણે શ્રીમા પસ્તાવો કરી ઠાકુરની છબી સામે હાથ જોડી બોલ્યાં : ''હે ઠાકુર! આ મેં શું કર્યું?'' આ પ્રસંગ સ્પષ્ટ દર્શાવે છે કે શ્રીમા કેટલાં દયાળુ, કરુણામૂર્તિ સમાં હતાં. માતાજીના દેહાવસાન પછી તેમના એ અભિશાપે દેખા દીધી. સુરબાળાને રક્તપિત્ત થયો અને તેમની એ આંગળીઓ ખરી પડી. પણ શ્રીમાની કૃપાથી તેને વધુ ભોગવવું ન પડ્યું. થોડા વખતમાં જ એનો દેહાંત થયો.

(ક્રમશઃ)


માનવ મોટે ભાગે એના સ્વભાવને લીધે સુખી કે દુઃખી થતો હોય છે. એ સ્વભાવમાં જો પરિવર્તન લાવે, તો તે ઘણે અંશે સુખી થાય.

**—યોગેશ્વરજી**

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**

મોબાઈલ : ૯૮૨૪૭૦૪૦૯૭

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,

ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧




### નવ મંત્રગાન વખતે

# પૂ. શ્રી માને થતી દિવ્ય અનુભૂતિ

**પૂ. મા સર્વેશ્વરી**

[તા. ૨૯–૧૨–૨૦૦૫ ની સવારની બેઠકમાં પ્રણામ પૂજા થાય છે. ૐ યોગેશ્વર નમઃ (૩), ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ (૩), ૐ મા જ્યોતિર્મય્યૈ નમઃ, ૐ મા ભીખી દૈવ્યૈ નમઃ અને ૐ શ્રી પિતૃદેવાય કાલીદાસાય નમઃ બોલાય છે કોઈ પણ પ્રવૃત્તિની શરૂઆત ને પૂર્ણાહુતિ વખતે આ નવ મંત્રોચ્ચાર થાય છે. પૂ. શ્રી મા આજે સવારની બેઠકમાં આ મંત્રની અનુભૂતિ અંગે સ્લેટમાં લખે છેઃ—]

'આપણે નવ મંત્ર બોલીએ ત્યારે એવું અનુભવવા મળે છે. ૐ શરૂ થાય ત્યારે આકાશમાંથી એક માર્ગ નીચે આવે, જેમાંથી પૂ. શ્રી નીચે આવે. યોગેશ્વરાય નમઃ બોલતાં તેઓ બિરાજે. તેના શ્રી ચરણોમાં મા નમે છે. ૐ એ શ્રી ગુરુ-ભગવંતને નીચે આવવાનો રાજમાર્ગ છે. મા સર્વેશ્વરીને અમે પણ નમીએ છીએ. હે ગુરુભગવંત આપનું સર્વેશ્વરી નામનું જે અલૌકિક સર્જન છે તેને પણ અમારા પ્રણામ. અને આ રીતે નવ મંત્રગાનમાં બધું જ ભૂલાઈ જાય, સ્વર્ગારોહણ પણ, મંચ પણ. મા પોતાના શરીરને પણ ભૂલી જાય. માત્ર પૂ. શ્રીને તેમનાં શ્રી ચરણો જ દેખાય. બીજા ત્રણ મંત્રમાં માનું દિવ્ય સ્વરૂપ ને તેનાં શ્રીચરણો દેખાય. એટલે જ તેને કદાચ સહજ ધ્યાન શાસ્ત્ર કહેવાતું હશે. જે હોય તે. મંત્રગાન એ જ ધ્યાન છે. એટલે એ રીતે ભાવથી મંત્રોચ્ચાર દરરોજ કરવા.'

**—મા સર્વેશ્વરી.**

# હકારની હેલી... જિંદગી નવેલી

ડૉ. પ્રકાશ ગજ્જર

આજે જીવનનું જે સ્વરૂપ છે એને નિખાર આપવો છે? જિંદગીને વધારે સાર્થક અને સુંદર બનાવવી છે? જો થોડા પણ જાગી ગયા હોઈએ તો આવા પ્રકારના પ્રશ્નોના જવાબ હકારમાં આવે. પણ જો સ્વયંતૃપ્તિના સાચાખોટા ખ્યાલમાં હોઈએ તો એ તરફ ધ્યાન આપવાનું મન જ ના થાય. મને તો સદા વિકાસની જ ઝંખના રહે. જિંદગીના માળાને વધારે વ્યવસ્થિત ને સુંદર બનાવવાનું ગમે જ ગમે. સુંદર તણખલાં શોધવાનો મારો હંમેશનો શોખ.

મારા એક મિત્ર છે. નામ શ્રી અનિલ મહેતા, વ્યવસાયે વકીલ. એ તો એક દિશા છે પુરુષાર્થની, યોગક્ષેમના વહનનું માધ્યમ. પણ પોતે મૂળે સમાજસેવા અને અધ્યાત્મનો જીવ. જાણીને આશ્ચર્ય થશે કે અમે બેત્રણ વર્ષે મળીએ! એ પણ કોઈ કાર્યક્રમમાં. અમે બંને ક્યાં રહીએ છીએ એની બંનેને સામ-સામી ખબર નહીં. પણ અમને એની જરૂર કદી લાગી નથી. એમનું એક ગદ્યકાવ્ય વાંચતાંની સાથે જ મને ગમી ગયું. મને પૂરી ખાત્રી છે કે તમને પણ એ ગમશે જ.

“રાહ, ચાહ, આહ અને વાહ—એ ચાર શબ્દોમાં જીવનનો મર્મ છૂપાયો છે. જેના જીવનના રાહ નિશ્ચિત છે અને એ રાહ પર ચાલવાની ચાહ દૃઢ છે અને જેના મનમાં બીજાના દુઃખ પ્રત્યે કરુણા છે જેથી એના માટે ‘આહ’ નીકળે છે અને બીજાની સિદ્ધિઓ માટે જેના મોંમાંથી ‘વાહ’ નીકળે છે એનું જીવન ધન્ય છે.”



ચાર શબ્દો માત્ર ચાર જ શબ્દોમાં અનિલભાઈએ સાર્થક જીવનની ચાવીઓ આપી દીધી છે. અને ચાર વાક્યોમાં એક-દમ સંક્ષેપમાં સરસ સમજણ પણ આપી છે. આધ્યાત્મિક અને ધાર્મિક પુટ તો સહુએ પોતાના તરફથી ઉમેરવો.

હકીકતમાં વ્યવહાર અને અધ્યાત્મ એવાં તો સુઘટ્ટ વણાયેલાં હોવાં જોઈએ કે બનાવટી ભાગલા પાડવાનું પણ અશક્ય બની જાય. મારે મન તો વ્યવહાર જેવું કોઈ અધ્યાત્મ નથી ને અધ્યાત્મ જેવો કોઈ વ્યવહાર નથી. પણ અત્યારે એ વિષે ચિંતવન નથી કરવું. અહીં તો આરંભમાં પેલા ચાર શબ્દો વિષે થોડી વિચારણા કરીને આગળ વધવું છે.

● રાહ એટલે રસ્તો, માર્ગ. હું એમાં મંઝિલનો, લક્ષ્યનો સમાવેશ પણ કરી લઉં છું. જેની સામે નાનુંમોટું કોઈ લક્ષ્ય છે, ને એને કેવી રીતે પ્રાપ્ત કરી શકાય એ માટેનું કોઈ આયોજન છે, એ નસીબદાર ગણાય. પછી જોઈએ ઉત્સાહ, ખંત, ધીરજ અને પુરુષાર્થને વળગી રહેવાની તીવ્રતા. જીવન સાફલ્યનો આ છે રસ્તો. ‘રાહ’નો એક બીજો અર્થ પણ યાદ આવે છે. જેને ધીરજપૂર્વક વાટ જોતાં આવડે એનું કામ કાલે નહીં તો પરમ દિવસે થઈ જ જાય. મંઝિલ વેંત દૂર હોય તોય થાકી જનારા જીવનયાત્રીઓની કોઈ ખોટ નથી.

● ‘ચાહ’ને ઈચ્છાના અર્થમાં લઈએ તો એનું મહત્ત્વ સમજાય જ. મન એટલે ઈચ્છાઓનો પટારો; કહો કો એવું કારખાનું કે જે રાતદિવસ ઈચ્છાઓનું ઉત્પાદન કર્યા જ કરે છે. જીવન એટલે ઈચ્છાઓ—અપેક્ષાઓનો સરવાળો—એમ કહીએ તો ખોટું નથી. એની સાથે આપણે ‘ચાહ’ને પ્રેમના, ભલી

લાગણીના અર્થમાં પણ લઇ શકીએ. હાસ્તો! પ્રેમ અને ભક્તિ જ તો આપણા જીવનને આનંદભરપૂર બનાવે છે.

● આહ. એમાં કોઇના માટે કરુણાનો ભાવ છે. જડતાની ભૂમિકાએ જીવનારાઓ જો એક વાર પણ કરુણાની કેડીએ ચાલવાનું શરૂ કરે તો, એમને અણસાર આવે કે દુ:સ્વાર્થની દુર્ગંધને દૂર કરવાથી જિંદગી કેવી સુગંધસભર બની જાય છે. ઔદાર્યભરી આહ જ્યારે અંતરમાં જાગે ત્યારે ધન્યતાનો એક અનેરો પ્રવાહ જીવનમાં વહેવા લાગે છે.

● 'વાહ' શબ્દ બીજાની સિદ્ધિઓ માટે નીકળે એ તો સરસ જ કહેવાય. પણ કુદરતના ક્રિયાકલાપ જોઇને સર્જનહારની વિરાટતા માટે પણ 'વાહવાહ'ના ભાવ પ્રગટવા લાગે એ પણ એક ધન્યતા જ છે. દરિયાકિનારે કે ડુંગરમાળમાં મારો ઘણો સમય વીતે છે. ઘોર જંગલમાં નિવાસ કરવાનું સદ્ભાગ્ય મને સાંપડે છે. એ સિવાય પણ 'વાહવાહ'નો અહાલેક પ્રગટ્યા જ કરે છે. ભઇ, તમે માત્ર આકાશને જોશો તોય 'વાહવાહ' ગજાવી દેશો. એવી કમાલ છે બધે. [વાહ અનિલભાઇ, તમને સલામ!]

હમેશાં હલબલાટવાળું જીવન જીવનારાના મનમાં જો આટલું ઊતરી જાય તો એના આનંદનો પાર ના રહે. રણ-ક્ષેત્રમાં યુદ્ધે ચઢેલા તોખાર હમચી ખૂંદતા હોય એમ આપણું મન પણ નિરંતર હમચી ખૂંદતું હોય છે. એને હાશકારો ઓછો ને હાયકારા વધારે હોય છે. જીવનને એણે હલ્દીઘાટનું રણ-મેદાન બનાવી દીધું છે.

હવે 'હ' હુમલો લઇ આવ્યો છે પ્રેમભર્યો! મારી ચારે બાજુ સહેજ ત્રાંસા, એકદમ વાંકાચૂંકા, ને અતિસુંદર રૂપવાળા 'હ'



ઊડવા લાગ્યા છે. કોઇ હસે છે, કોઇ હલબલાવે છે, કોઇ હચમચાવે છે તો કોઇ 'હ' વળી 'હું'નો અતિવિસ્તાર કરીને વિરાટના સાન્નિધ્યમાં મોજ કરાવે છે.

● હકારાત્મકતા એક એવી મોજ છે. એ એક એવી જાદુઇ લાકડી છે જે સાવ સામાન્ય વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિના સ્વરૂપને નખશિખ બદલી દે છે. એનામાં એ તાકાત છે કે એ સંધ્યાને સવાર બનાવે ને બળબળતા બપોરના ધખતા ધોમને શીતળ મલયલહરમાં પલ્ટાવી દે. દૃષ્ટિના બદલાવા સાથે જ આખી સૃષ્ટિ પરમ મંગલમય, પરમ સુંદર બની જાય.

● હમદર્દી મેળવવાનો આનંદ ખરો જ. પણ હમદર્દી આપવામાં જે આનંદ અને સંતોષનો અનુભવ થાય એની અનુ-ભૂતિ તો માણનારા જ માણે. જેના હૈયામાં હમદર્દી અને હેત રાસલીલા રમતાં હોય ત્યાં સામસામા આયખાં ઉજળાં ઉજળાં થઇ જાય. બેય હૈયાં હેલારા મારે : એક શાતા પામીને ને બીજું સંતોષમાં સરાબોર થઇને. મારી સમજ પ્રમાણે 'હમદર્દી'દ્વારા પરમાત્મા આપણા હૈયાના પોતમાં પ્રગટ થતો હોય છે.

● હરખ એટલે આનંદ, એની સહુને ખબર છે જ. પણ 'હરખ'ની વાત જ ન્યારી. એની વ્યાખ્યાઓ કેમ કરવી? દ્વારિકાથી કૃષ્ણ વીસ વર્ષે પાછા આવે ત્યારે ગોપીઓને શું થાય? બાર વર્ષે દીકરો ઘેર આવે ત્યારે માવડીના મનમાં કેવા હેતના હિલોળા લેવાય? એના વર્ણન કેમ થાય? ઉમળકાની એ સાગરભરતી શબ્દોમાં શે સમાય?

● હર્ષ આમ તો હરખ જ ને? મૂળ સંસ્કૃતનો તળપદો અવતાર આપણે જોયો ને? વર્ષો પહેલાં કોઇએ મારું સરનામું પૂછ્યું ત્યારે મેં જવાબ આપેલો કે "હું હર્ષગિરિમાં રહું છું"

મારે ત્યાં આવવાની ને મારો નિવાસ જોવાની એમણે ઇચ્છા વ્યક્ત કરી ત્યારે મેં જવાબ આપ્યો કે "તમે પોતે જ પોતાના આગવા હર્ષગિરિનું નિર્માણ કરો તો?"

● હલક આમ તો તળપદો શબ્દ છે. મારી પાસે ગુજરાતી અંગ્રેજી શબ્દકોષ હોત તો હું એનો સમાનાર્થી શબ્દ શોધીને જરા સ્પષ્ટતા કરત. સ્વજનને પૂછ્યું તો એમણે એક મિનિટ મૌન રહી જવાબ આપ્યો કે "હલક એટલે હલક." મારી પાસે પર્યાય નથી. કોઇ ગીત ગાય એમાં મજાની હલક હોય તો ભારે મજો પડી જાય. એમાં પણ નરઘાં, મંજિરાં, કરતાલ, હાર-મોનિયમ અને પખવાજ તાલ પુરાવે, જુગલબંદી જામી જાય તો એ મનોહારી ને હૃદયસંતર્પક હલકમાં અસ્તિત્વ વહેતું થઇ જાય.

● હવનમંડપમાં લઇ આવી છે આપણી શબ્દરમત. 'જીવન એક યજ્ઞ છે અને જગત એક યજ્ઞશાળા છે,' એવું તો આપણે સાંભળ્યું છે એમાં થોડો ઉમેરો એ કરવા જેવો છે કે હવનકુંડ આપણે ને એમાં સમર્પિત થનારી સમીધા પણ આપણે જ. હવન પ્રજ્વલિત કરનાર ભલે મહાશક્તિ હોય, પણ આપણે જ એની જ્વાળાઓને ક્રિયાશીલ રાખવાની. કર્મોને હોમ્યે જ જવાનું. અને ફળ માણનારા પણ આપણે જ ને?

● હંસ વિષે આઠદસ પ્રકરણો કે પુસ્તકો લખવાં પડે. ચારછ લીટી એને ન્યાય નહીં આપી શકે. આ જગતમાં પાણી—ને તેય અશુદ્ધ—વધારે ને દૂધ ઓછાં. દુર્ગુણો ને દુષ્ટતાઓના અનેક ઢગલા અને સત્ત્વશીલતા સાવ ઓછી. એમાં વિવેક-બુદ્ધિનો ઉપયોગ કરી, હંસવૃત્તિ રાખી, જે યોગ્ય અને વિકાસ-દાતા હોય એ પસંદ કરવાનું. ક્યારેય ભૂલવાનું નહીં કે આપણે માનસરોવરના હંસલા! ખાબોચિયે ખુશ ના જ થવાય.



● હરિઃ 'અથથી ઇતિ' શબ્દગુચ્છનો ખ્યાલ છે? 'અથ' સામાન્ય જ નહીં, મહાપ્રારંભ માટે વપરાયેલો શબ્દ છે. અને 'ઇતિ' એટલે સંપૂર્ણ. એનું બીજું નામ હરિ. એના વિષે તો 'સબ ધરતી કાગઝ કરો' તોય જગા ઓછી પડે. એવા વિરાટને આપણે પોતાના જીવનમાં અવતારવાનો છે. ને જો એ આપણા જ હૃદયમાં સૂતેલો છે એમ માનતા હોઇએ તો એને જગાડવાનો છે.

● હરદમ એટલે પ્રત્યેક શ્વાસે, નિરંતર. વાત છે પરમ જાગૃતિની, અટક્યા વગર તૈલધારાવત્ સાધના કરવાની. કંગાળ સુધરાઇના નળમાં મરી મરીને પાણી ટપકે એવા હાલ નથી કરવાના. "અગર હૈ શૌક મિલનેકા તો હરદમ લૌ લગાતા જા." લૌ એટલે લગનિ. મીરાંએ ગાયું હતું કે "ઐસી લગન લગા...કહાં તૂ જાસિ ઐસી લગન લગા." મેં એમાં ગાંડો ઉમેરો કર્યો છે : "ઐસી અગન જગા..." શું કરું ને શું ના કરું, એવી તીવ્ર ભાવનાના ભડકા જ ભવની ભોગળોને ભાંગી શકશે.

થોડુંક નકારાત્મક વિવરણ કરી લઇએ? જો કે એવી અનુત્પાદક પ્રવૃત્તિ ના શોભે. પણ બીજું કાંઇ નહીં તો ચેતતા તો રહેવાય ને? 'હ' જેમ રચનાત્મક વિચારો માટે આકર્ષણ ઊભું કરે છે તેમ નકારાત્મકતા પ્રત્યે જાગ્રત પણ કરે છે. ફૂલવાડીમાં એકલાં ફૂલ જ થોડાં હોય છે? કાંટા, સૂકાયેલાં પાંદડાં ને એવું, વરવું વાતાવરણ પણ ત્યાં હોવાનું જ. હાં, તો 'હ' આપણને શાનાથી ચેતતા રહેવાની સલાહ આપે છે?

● હજમ કરવાની વૃત્તિને સંસાર જે રીતે ઓળખે છે એના કરતાં પણ એનો વ્યાપ અને પરિણામ વધારે જલદ હોય છે.

કોઈનો સમય ખાઈ જવો એ પાપ છે. શાન્તિ હણી લેવી એ મહાપાપ છે. સુખ છીનવી લેવું એ અઘોરકર્મ છે.

● હક્ક અને અધિકાર વિષેના ખોટા ખ્યાલ માણસ પોતાના પૂરતા મર્યાદિત રાખે ત્યાં સુધી વાંધો નથી. પણ એની નાગચૂડ જ્યારે બીજાની જિંદગીને ભરડામાં લે ત્યારે વાત વણસે છે. પોતાની સાથે બીજાના અધિકારનો વિચાર પણ કરવો ઘટે.

● હઠવાદિતા એ ઘણા લોકોએ જાતે જ ઊભો કરેલો અભિશાપ છે. હઠીલો માણસ જ્યારે બીજાના જીવનમંદિરની સ્વતંત્રતા ઉપર તરાપ મારે છે ત્યારે એને ખબર નથી હોતી કે એની જડતા કેવી ખતરનાક છે ને બીજાને માટે એ કેવી પીડાકારક સિદ્ધ થઈ શકે છે.

● હરકતો કર્યે જવાની બૂરી આદતને હું તો પાપ જ ગણાવું. મોટાં કહેવાતા પાપ કરતાં પણ એ વધારે ખતરનાક હોય છે. કશાય પ્રયોજન વગર કોઈને હરકત કરવી, કોઈની જીવનગતિમાં રોડાં નાંખવા એ પાપ જ ગણાય અને ધારો કે કોઈ પ્રયોજન હોય તોપણ હરકત કરવાની હરકત કોઈ પણ સંજોગોમાં ન્યાય ઠરતી નથી.

● હકૂમતખોર સ્વભાવ કેટલાકને અવળી રીતે પણ વારસામાં મળતો હોય છે. બાપ, કાકા કે ક્યારેક ખુદમાં હકુમત ચલાવતા હોય તો દબાયેલો આત્મા તક મળતાં, સ્વતંત્ર થતાં પોતે જ હકુમતખોર બની જાય. જે પોતે સહ્યું એ બીજાને સહન કરાવે. અરે ભાઈ! તારું જીવન બેકાબૂ છે ત્યાં તું વળી બીજાના ઉપર કાબૂ રાખવાનો દાખડો શું કામ કરે છે?

● હડહડ કરવાની ટેવનો ઉલ્લેખ પણ આવી વિચારણામાં



ના શોભે. પણ જાગીએ છીએ અથવા તો જાગવા માગીએ છીએ ત્યારે કયા કયા ચોર ધાડ પાડી શકે તેમ છે એ વિષે સચેત રહેવું જ પડે. કબીરજીએ એટલા માટે જ તો પડઘમના નાદે ગાયું હતું કે "તેરી ગઠરીમેં લાગો ચોર, મુસાફિર જાગ જરા."

● 'હડધૂત' પણ આ હરોળમાં જ આવે. આ બે અને 'હડકવા' જેવા શબ્દો ઉપર ધ્યાન આપીએ તોય ગાંડા ગણાઈએ. આપણે એમનાથી હંમેશાં બચતા રહેવું ઘટે. નહીં તો દુનિયા પોતે આપણને હડધૂત કરશે. મેં થોડાક માથાભારે લોકોનાં વાર્ધક્ય જોયાં છે. પહેલાં તો ખાસ અભ્યાસ કરતો'તો હું. અરે કેવા બડેખાં, કેવા જોધાર, કેવા જોહુકમીવાળા! ને સંજોગ બદલાય કે કોઈ નિર્બળતા ઘેરો ઘાલે ત્યારે એમને બધું જ વ્યાજ સાથે પાછું મળે.

'હ'ની હારમાળા ચાલી છે. વિચારો એવા તો ધમધમાટ ઊભરાઈ રહ્યા છે કે એક અક્ષર આટલા બધા ખજાના ભરીને બેઠો હશે એનું આશ્ચર્ય થાય છે.'આટલા'ને હકારો આપો ને 'આટલા'ની હકાલપટ્ટી કરો એવા એવા સંદેશ મળી રહ્યા છે. છેવટે આપણી હયાતિ એટલે શું? બોજા ઓછા કરવા ને હળવાફૂલ થઈને જીવવું એ જ ને? કાંટા ફેંકી દેવા ને પુષ્પોના પમરાટ માણતા રહેવું. એનું નામ પણ સાધના જ.

હમણાં ને હમણાં આમ બની જશે, એ તો શક્ય નથી. [જો કે મને એ શક્ય લાગે છે ખરું. મેં પળવારમાં પલ્ટાતા માનવીને જોયા છે. પણ હમણાં એ વિવરણ તરફ નથી ફંટાવું.] અત્યારે તો આ વિચારણા ઉપર એકાગ્ર થઈએ. હાજર સો હથિયાર. મન ઉત્સાહમાં છે ને ડાબલા ગાજી રહ્યા છે ત્યારે આતમના

તરવરતા તોખારને લગામ ખેંચીને બીજી દિશામાં ના વાળીએ.

હરદમ એ ખ્યાલ રાખીએ કે આપણું જીવન એક અણમૂલ અમાનત છે. એ વાપરવા માટે છે પણ વેડફવા માટે નથી. એનાથીય આગળ જઇને એમ કહું કે એ વિકસાવવા માટે છે. જિંદગીના પેટાળમાં હજારો રત્નો ને હીરા દટાયેલા છે. એ ગુપ્ત ખજાનાને બહાર કાઢવાના છે.

હલબલી ઊઠ્યા હોઇએ તો એ સ્થિતિને શુકન ગણીને આપણે કામે લાગી જઇએ. 'શિખરો ઊંચાં ને મારગ આકરા' જેવી કાવ્યપંક્તિઓ આપણને ઠંડા પાડી દે એ ના ચાલે. આપણે માનવી... પરમાત્માના સંતાન...એના દિવ્ય વારસાના ખોળાધર, શિખરોના આરોહક!

હરિના નામનો આધાર લઇ આપણે ગતિ વધારીં ને બેઠા રહ્યા હોઇએ તો ઊભા થઇ પરિયાણ (પ્રયાણ) આદરીએ. એક જબરો વેપાર છે ભજનનો. "કર મન ભજનનો વેપાર જી... ભજનનો વેપાર... હરિ તારા નામનો આધાર.. કર મન ભજનનો વેપાર જી."

હવે હાંઉ કરું? હદ ક્યાંક તો પાળવી પડે ને?



# Amazing effects of Maa's Satsang on students world

**Khushbu Patel**
**(Age : 16 years)**

Initially I did not know Maa as I have come to know her now. I know her as a serious person, but now that we were with her. I feel she is very much like us. She is like our friend always talks with us like a friend. She always laughs and does fun stuff with us.

Maa asked if someone could tell the story of Panama. She also told other people to ask what they wanted to know about Panama.

Thanks to this Yatra we learned and grew spiritually and mentally.

★ ★ ★

**Rina Bhakta**
**(Age : 18 years)**

Maa, I know you since many years. I wasn't your devotee then lecause I was too young to understand you. I just remember that I used to do Pranams because everybody else would do the same. I never felt that you were untrue or just pretending to be God. There was such a true bond that always pushed me towards you. To be honest, inspite of hearing

about you and actually believing in you I never took a step forward to follow your rules. I had always thought that you are a serious person and might get angry with me if I do something wrong. I have always prayed to Lord Krishna, Shiva, Ganesha, Jalaram, Ram and also to Jagadamba, now I realise that in one way or other I was praying to you since you are the supreme Goddeess cretor of everything.

These five days gave me strength, peace, comfort and happiness which cannot be explained.

I know you will give me “Sad buddhi.” I have always been a vegetarian but liked to drink coke. I have decided not to drink coke anymore. I need your help not to fall into temptation any more. I feel like having a conversation with God.

I hope you never forget me and always keep walking with me and take me to the right path. I have asked god for material and spiritual things, but mainly I want to ask for your Darshan.

★ ★ ★

**Nimesh**

I stayed in Canada for 2 years. I told you over the phone that it was very hard for me to stay by myself there. I also did not know how to cook. Due to Prabhu’s Krupa I learned



cooking. There was not a single day I stayed without food. So the blessing you gave me over the phone helped me to survive in Canada.

I am also surprised with my final exam because I got 3.7 grade points out of 4. My Mom told me that everyday you should tell Maa Prabhu to go with you to School and teach you lessons. Everyday I used to pray the same Due to this Maa Prabhu helped me in my education.

In Ashaad Norta I decided to do 5,00,000 Japa. My Mom told me to do 500 Malas everyday to finish 5,00,000 Japa in 10 days. On the 3rd day I got sick and remained sick for 2 days. In those days I was able to do only 490 malas. So I started praying “Maa, I have to finish my mala and you made me sick. Now how will it be possible to finish the malas? Give me strength.” Finally I finished 5000 malas in 10 days.

(To be Countinued)

પનામામાં સત્સંગના સંસ્પર્શથી

# જાગતું વિદ્યાર્થી જગત—(૨)

અનુવાદ : નારાયણ હ. જાની

**ખુશ્બુ પટેલ**
**ઉમ્મર ૧૬ વર્ષ**

હાલ હું પૂ. માને જે રીતે ઓળખતી થઇ છું, તે રીતે શરૂમાં નહોતી ઓળખતી. પહેલાં તેઓ એક ગંભીર વ્યક્તિ હોય તેમ લાગતું, પરંતુ હવે જ્યારે અમે તેઓની સાથે રહ્યાં, ત્યારે અનુભવાયું કે અરે, તેઓ તો આપણી જેવાં જ, આપણા એક મિત્ર જેવાં જ છે. હંમેશાં આપણે તેમનાં મિત્ર હોઇએ એમ આપણી સાથે વાતો કરે છે, સદાય હસતાં રહે છે અને હસી-મઝાક પણ કરે છે.

પૂ. માએ પૂછ્યું કે તમારામાંથી કોઇ પનામા (યાત્રા) વિષે કહી શકશે. તેઓએ બીજાઓને પણ કહ્યું કે પનામા વિષે તેઓ શું જાણવા માગે છે, તે પૂછે.

આ યાત્રાનો આભાર જેટલો માનીએ તેટલો ઓછો. કારણ કે તેમાંથી અમે ઘણું શીખ્યાં અને આધ્યાત્મિક અને માનસિક કક્ષાએ પણ અમારી જાગૃતિ વધી.

★ ★ ★

**રીના ભક્ત**
**વય ૧૮ વર્ષ**

હે મા, હું આપને ઘણાં વર્ષોથી જાણું છું. પરંતુ ત્યારે હું આપની ભક્ત ન હતી. તેનું કારણ એ કે તે વખતે આપને



સમજવા માટે હું ખૂબ નાની હતી. મને યાદ છે કે બીજાઓને પ્રણામ કરતા જોઇ, હું પણ પ્રણામ કરતી. ત્યારે મને એવું કદી ના લાગ્યું કે તમે ખોટાં છો અને ભગવાન હોવાનો ઢોંગ કરો છો. આપણ બંને વચ્ચે એક સાચા સ્નેહની ગાંઠ બંધાઇ છે, જે મને આપની તરફ હંમેશ ખેંચ્યા કરે છે. સાચું કહું તો આપના વિષે જાણ્યા, અને આપમાં ખરેખર શ્રદ્ધા હોવા છતાં, મે આપે દર્શાવેલ નિયમોના પાલનની દિશામાં કોઇ આગળનું પગલું ભર્યું ન હતું.

મેં તો હંમેશા એવું જ વિચારેલું કે આપ એક ગંભીર વ્યક્તિ છો. અને જો મારાથી કોઇ ભૂલ થઇ જાય, તો આપ મારા પ્રત્યે ગુસ્સે થઇ જશો.

મેં હંમેશાં ભગવાન કૃષ્ણ, શંકર અને રામ, તેમ જ ગણેશ, જલારામબાપા અને મા જગદંબાને પ્રાર્થનાઓ કરી છે. હવે મને સમજાયું છે કે એક અથવા બીજી રીતે,—મારી આ બધી પ્રાર્થનાઓ સર્વના સર્જક એવાં મા સર્વેશ્વરી પ્રતિ જ હતી.

કદી શબ્દોમાં વ્યક્ત ના કરી શકાય એવાં શક્તિ, શાન્તિ, સુખ અને આનંદ આ પાંચ દિવસમાં મને પ્રાપ્ત થયાં છે.

હે મા, હું જાણું છું કે આપ મને સદ્‌બુદ્ધિ આપતાં રહેશો. હું કાયમ શાકાહારી જ રહી છું, પરંતુ મને કોક પીવો ગમતો. પરંતુ હવે પછી કોક પણ નહિ પીવાનો મેં સંકલ્પ કર્યો છે. હે મા, મારા આ સંકલ્પનું પાલન કરી શકું તે માટે જરૂરી શક્તિ આપજો જેથી હું પ્રલોભનનો શિકાર ના બનું. મને જાણે એવું લાગે છે કે હું ભગવાન સાથે વાત કરી રહી ન હોઉં!

મને શ્રદ્ધા છે કે આપ મને કદી ભૂલશો નહિ, હંમેશાં મારી

સાથે જ રહેજો, અને સત્યના માર્ગે જ મને ચલાવજો. ભૌતિક અને આધ્યાત્મિક વસ્તુઓ પ્રાપ્ત થાય તે માટે પ્રભુ પાસે મેં માગણી કરી છે. પરંતુ આપનાં દર્શન મને થયા કરે, તે જ મારી મુખ્ય માગણી છે.

★ ★ ★

**નિમેષ**

હું કેનેડામાં બે વર્ષ રહ્યો. હે મા, મેં ફોન ઉપર આપને જણાવેલું કે ત્યાં એ રીતે મારે માટે રહેવું ખૂબ જ મુશ્કેલ હતું. વળી મને એ પણ ખબર ન હતી કે રસોઇ કેમ બનાવાય. પરંતુ પ્રભુની કૃપાથી હું રાંધતાં શીખી ગયો. (એથી) એક પણ દિવસ એવો ના આવ્યો કે મારે ભોજન વગર કાઢવો પડ્યો હોય. એટલે તો આપે મને ફોન ઉપર આપેલ આશીર્વાદની મદદથી હું કેનેડામાં ટકી શક્યો.

મને એ પણ આશ્ચર્ય થયું કે મારી છેલ્લી પરીક્ષામાં મને ૪ માંથી ૩.૭ નો ગ્રેડ મળ્યો. દરરોજ મારી મા મને કહેતી કે તારે રોજ મા–પ્રભુને શાળાએ જતાં કહેવું કે તેઓ તારી સાથે આવે અને તને પાઠ શીખવાડે. એ પ્રમાણે હું રોજ પ્રાર્થના કરતો. એથી જ તો મા–પ્રભુ ભણવામાં મદદરૂપ થયાં.

અષાઢી નવરાત્રિમાં મેં ૫ લાખ જપ કરવાનો સંકલ્પ કર્યો. મારી બાએ કહ્યું એ માટે તારે રોજ ૫૦,૦૦૦ જપ (૫૦૦ માળા) કરવી પડે, જેથી ૧૦ દિવસમાં પાંચ લાખ જપ પૂરા થઇ જાય. પરંતુ ત્રીજા દિવસે હું માંદો પડી ગયો અને મારી એ માંદગી બે દિવસ રહી. તે દિવસોમાં મારાથી ૪૯૦ જેટલી માળાઓ થઇ શકતી. તેથી મેં પૂ. માને પ્રાર્થના કરવા માંડી, ‘હે મા, મારે તો મારી માળાઓ પૂરી કરવાની હતી, પરંતુ



આપે તો મને માંદો પાડી દીધો. તો હવે તે માળાઓ હું શી રીતે પૂરી કરી શકીશ? એટલે ‘મા’ મને શક્તિ આપો.’ (પૂ. માની કૃપાથી) આખરે મારી ૫૦૦૦ માળાઓ (૫ લાખ જપ) દશ દિવસમાં પૂરી થઇ ગઇ!

(ક્રમશઃ)

પરમાત્માના પરમ પવિત્ર પ્રેમમાં અને એને પરિણામે થતાં પરમાત્માના દિવ્ય દર્શનમાં ભક્તના જીવનનો પરમ આનંદ રહેલો હોય છે. એ સિવાય-ની બીજી કોઇ પણ વસ્તુઓ કે સિદ્ધિઓ સાંપડે તોપણ એનું અંતર કદી પરિતૃપ્તિ અનુભવતું નથી.

**—યોગેશ્વરજી**

**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**

**મોબાઇલ : ૯૮૨૪૨૧૫૨૬૭**

**ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન**

**“સત્યવાન” તથા “ચંદન”**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**–૩૬૦૦૦૨

### પૂ. માની સંનિધિમાં સ્વર્ગારોહણતીર્થમાં

# નેત્રરોગ ચિકિત્સા—યજ્ઞ

ડો. બી. જે. જાગાણી

ભગવાન ઈસુનું નવું વર્ષ—૨૦૦૬ નું નવું પ્રભાત સ્વર્ગારોહણ તીર્થમાં સત્કર્મો લઈને આવે છે. સાધકો તે માટે તૈયાર છે. યોગશૈવલ્યમ્‌ના હોલમાં દરદીઓ અને ડોક્ટરો માટે વ્યવસ્થાઓ થઈ રહી છે. પ્રાંગણમાં પૂ. મા અને ભક્તો છે.

શ્રી કમલેશભાઈ, શ્રી પ્રશાંતભાઈ, શ્રી ગોવિંદભાઈ આકોલિયાના આર્થિક સહયોગથી આ નિદાનયજ્ઞ—ચિકિત્સા-યજ્ઞનું સત્કર્મ થઈ રહ્યું છે. પૂ. માના વરદ્‌હસ્તે દીપ પ્રગટાવાય છે. શ્રી કમલેશભાઈની નાનકડી દીકરી—ઈશાને પૂ. મા નજીક બોલાવે છે ને મા વતી દીપ પ્રકટાવવા કહે છે. શ્રી પંકજભાઈ ભક્ત પણ દીપની એક જ્યોત્ પ્રગટાવે છે. સૌ મંત્રગાન કરે છે. પૂ. મા દીપ પ્રગટાવીને સ્લેટ પર લખે છે.

'શ્રી આકોલિયાના બંને બાળકો ન્યૂ જર્સિના સત્સંગમાં જાય છે. કદાચ ભાવનગર હોત તો આટલા નજીક ના આવી શકત. વિદેશ વસ્યા ને બંનેને પાત્ર પણ મિત્ર જેવાં મળ્યાં છે. એટલે આખું ઘર સત્સંગમાં નિયમિત આવે છે.'

શ્રી વિનોદભાઈ પાસેથી સ્વર્ગારોહણની વાતો સાંભળી સાંભળીને સત્કર્મની એક ઈચ્છા જાગી અને તેને પિતાશ્રી ગોવિંદભાઈ વધાવે છે. શ્રી નર્મદાબેનની એક વિશેષતા છે કે નાનાં મોટાં કોઈ સંકટનો સામનો બાવનીના નિયમથી કરે છે. શરીરની કોઈ તકલીફ ઊભી થાય તો કુટિયાની ૧૦૦૮ પ્રદક્ષિણા કરે છે. કેવી શ્રદ્ધા!



પોતાની એ શ્રદ્ધાનો વારસો ત્રણ બાળકોને શ્રી નર્મદાબેન આપી રહ્યાં છે. એક ઘણી મોટી અચરજ પમાડે તેવી વાત છે કે અમેરિકામાં પણ બંને ભાઈઓ એક જ ઘરમાં ભેગા રહે છે. સંયુક્ત કુટુંબની એ પ્રથા સાચે જ વંદનીય છે. વિદેશમાં આવું ભાગ્યે જ જોવા મળે? એટલે આજે તેઓ આ કેમ્પ કરી રહ્યા છે.

એક નાની વાત છે. એમનું (કમલેશભાઈનું) પ્રથમ સંતાન ઈશાનો જન્મ ૨૫ ડીસેમ્બરે થયો. રાત્રે પૂ. મા પર ફોન આવ્યો. મા કંઈક નામ આપો. ભગવાન ઈસુનો જન્મદિવસ એટલે માએ ઈશા નામ આપ્યું. માએ સ્લેટમાં લખ્યું ને સરોજબેને ફોન પર સંભળાવ્યું. પણ નવાઈની વાત તો એ છે કે ઈશાનાં માતા—પિતાએ પણ ૧૦ મિનિટ પહેલાં એ નામ જ વિચારેલું. એ તો બધા હોસ્પિટલમાં હતાં. મા તો ઘેર હતાં. પણ આ જ નાનકડી એક ઘટનાથી ઈશાની માતાની શ્રદ્ધા પ્રગટે છે, ને શ્રદ્ધાદીપ વધુ ને વધુ પ્રકાશિત થતો રહ્યો છે. એટલે આ પરિવાર તો વિનોદકાકા દ્વારા આ સત્કર્મની પ્રેરણા પામ્યો છે.

દરેકને વિવિધ સેવા સોંપાઈ છે તેવી સેવા વિનોદભાઈ પણ ત્યાં (યુ.એસ.એ.) બેઠા બેઠા કરી રહ્યા છે. સંનિધિ પર્વ—કર્પૂરવનમાં ઈશાનો આ ઉત્સવ ઉજવવાનો હતો, પણ નયનાબેન ક્યાં કોઈને તક આપે છે! એટલે આજે તે મંગલ ઉત્સવ સેવાયજ્ઞમાં સ્વર્ગારોહણને આંગણે ઉજવાઈ રહ્યો છે. તો આનંદની વાત છે.

ડો. કનુભાઈ (ઠક્કર, હારીજ) પણ સામે ચાલીને સેવા માટે અહીં પધાર્યા છે. તો પાલનપુરના ઘરના ડોક્ટરો સેવા માટે અતિનિયમિત આવે છે. જો મા કહે એક માસ મારે કેમ્પ કરવો છે, તો પણ તે તૈયાર છે. ડો. પીયૂષભાઈ દ્વારા એવું

ડોક્ટરી ગ્રૂપ આપણને પ્રસાદમાં મળ્યું છે.

સૌના સહયોગથી આ સેવાકાર્ય થઇ રહ્યું છે. યુવાનમિત્રો માનાં સાચા ભક્ત બાળકો છે. તો આજે એમને પણ અભિનંદન. જે યુવાનમિત્રો મંડપ, પ્રચાર, ગુણ ઊંચકવાનું કે સફાઇનું બધું જ કામ દોડાદોડ કરીને અહીં કરી રહ્યા છે, તે સૌને શ્રી ગૌતમકુમાર તરફથી એક નાનો પ્રસાદ ને નિધિ એ બાળકો માટે ચોકલેટ યુ.એસ.એ.થી લઇ આવી છે. જેનાં નામ બોલાય તે લઇ જાય.

શ્રી સ્નેહલભાઇ, હેમલ, દિવ્યેશ, નિલેશ (વડોદરા) આ યુવાન મિત્રો જ્ઞાનસત્રના જ્ઞાની થઇ ગયા છે માટે જિજ્ઞેશ તરફથી એક પેન. નિલેશ (ભાવનગર) કનુભાઇ, તેજસ, રાજીવ, દીપક, હેમીશ, યોગીન, યતીન, આશિષ, અશ્વિન-કાકા, કપિલ, કૌશિક, અજય, હિતેષ, અંકુર, તારક સૌ પ્રસાદ લે.' નવમંત્રગાન સાથે કાર્યક્રમનો પ્રારંભ થાય છે.

પૂ. માના આ આશીર્વચન, પ્રેરણા ને પ્રોત્સાહનથી નિદાનયજ્ઞના પ્રારંભ પછી દરદીઓનું રજિસ્ટ્રેશન થાય છે. ડો. માલવિયા, ડો. ચિરાગભાઇ, ડો. નિરંજનભાઇ, ડો. હસમુખભાઇ જોશી આંખના રોગના દરદીઓની ચિકિત્સામાં લાગી જાય છે, તો ડો. કનુભાઇ ઠક્કર ને ડો. સુરતિયા સામાન્ય દર્દના રોગીઓની સેવા કરે છે. શ્રી ઘનશ્યામભાઇ દરદીઓના આંખના નંબર કાઢી આપે છે. કુલ ૭૫૭ આંખના રોગના દરદીઓ ને ૨૫૦ સામાન્ય રોગના દરદીઓ આ કેમ્પનો લાભ લે છે. કેમ્પની પૂર્ણાહુતિ બપોરે ૩ કલાકે થાય છે. પૂ. માની પ્રેરણાથી શ્રી કમલેશભાઇ આકોલિયા સેવાભાવી ડોક્ટરોને ભેટ, પ્રસાદવડે સન્માને છે.



પૂ. મા સ્લેટમાં લખે છે : 'ડોક્ટર મિત્રોને વિશેષ અભિ-નંદન. તમે સૌ આવો તો જ આવા યજ્ઞો સફળ થઇ શકે. અને આકોલિયા પરિવારે ૨૦૦૬ માં સત્કર્મોના શ્રી ગણેશ માંડ્યા છે. માટે ખૂબ ખૂબ અભિનંદન. ડો. સુરતિયા અહીં જ નાનું દવાખાનું શરૂ કરી શકે, મફત દવાખાનું; જેથી કેમ્પ વખતે દરદીઓ હજી પણ સરળતાથી મળી શકે. સૌ ભાઇ—બહેનોને અભિનંદન. જ્ઞાનસત્રમાં આવી શક્યાં, રહી શક્યાં. સૌને અભિનંદન.'

સુરતના એક સાધકનું શરીર છૂટી ગયાના સમાચાર મળ્યા, એટલે પૂ. મા તેને પણ યાદ કરતાં સ્લેટમાં લખે છે કે : 'સુરતના આપણા સાધક—ભક્ત શ્રી ગોરધનભાઇને સૌ જાણે છે તે માંદા જ હતા. તેમણે આજે સવારે પોતાનું શરીર છોડયું. લાગતું ન હતું કે આટલા જલ્દી જશે. લગભગ ૭/૮ દિવસ પહેલાં જ અહીં આવ્યા. પૂ. શ્રીનાં પુસ્તકો વેચવાનું કામ ૧૯૭૮ થી ૧૯૮૪ સુધી કર્યું. ભલા હતા, શાંત હતા, નમ્ર હતા, શ્રદ્ધાળુ હતા. એમનો મૃત્યુ પછીનો પંથ રક્ષાયેલો રહો. એ માટે પાંચ મિનિટ મૌન પ્રાર્થના કરીશું.'

સૌ મૌન પ્રાર્થના કરે છે. નિદાનયજ્ઞ, પ્રેરણાયજ્ઞ ને સત્કર્મ-યજ્ઞ પૂર્ણ થાય છે. સૌ ભોજન કરે છે ને સત્કર્મની સુવાસ લઇને પોતપોતાનાં વતન જાય છે.

પૂ. માની સાધના એકાંગી નથી કે તેઓ પોતાના આધ્યા-ત્મિક લક્ષ્યો સિદ્ધ કરીને—**स्वांतः सुखाय** અનુભવી બેસી જાય. તેમાં **परजनहिताय**ની વાત પણ સમાયેલી છે. તેથી જ સ્વર્ગારોહણ બીજી જાહેર સંસ્થાઓ કરતાં સાવ જુદું તરી આવે છે. આ સ્થાનના પ્રાણસમાં અધિષ્ઠાતા પૂ. મા સર્વેશ્વરી છે,

જેઓ જગજનની સ્વરૂપે આ પછાત વિસ્તારના ગરીબોને—તેમનાં બાળકોને—શારીરિક અને શૈક્ષણિકક્ષેત્રે રાહત પહોંચાડવા સતત ચિંતનશીલ રહે છે. આવાં સત્કર્મોદ્વારા પૂ. માનો મૂક ઉપદેશ સર્વ સાધકોને પણ જીવનમાં આચરવા પ્રેરણા આપતો રહે છે. એથી નાના મોટા સહુ સાધકો પૂ. માને પ્રાર્થતા રહે છે કે હે મા, અમારા જીવનમાં અમે જ્યાં હોઈએ ત્યાં—નાનાં—મોટાં સત્કર્મો કરતા રહીએ. એવી બુદ્ધિ અને શક્તિ અમને ધરતાં રહેજો.

કેટલાક વિચારકો ને બુદ્ધિજીવીઓ એવું કહેતા જોવામાં આવે છે કે જપ અને ધ્યાનદ્વારા થતી અનુભૂતિઓ Mental Projection—મનનું પ્રતિબિંબ માત્ર છે. પરંતુ તેઓની આ માન્યતા યથાર્થ નથી. તેઓને પોતે સાધના કર્યા સિવાય આ વાત શી રીતે સમજમાં આવવાની?

— યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# દીક્ષાદિન બન્યો સાધનાદિન

**નારાયણ હ. જાની**

તારીખ ૧૯ જાન્યુઆરી પૂ. મા શ્રી સર્વેશ્વરીનો દીક્ષાદિન. પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીએ પૂ. માને આ દિવસે અઠ્ઠાવીસ વર્ષ પહેલાં શ્રી શૈલમ તીર્થક્ષેત્રમાં દીક્ષા આપેલી. એ દીક્ષા એવી તો ફળી કે સરોજબેનમાંથી પૂ. મા સર્વેશ્વરી બન્યાં. જગજનની સ્વરૂપે વિકસ્યાં.

આ વર્ષે તા. ૧૯—૧—૨૦૦૬ ના દિવસે કેટલાક સાધકો પૂ. માના દીક્ષાદિન નિમિત્તે આગલી રાત પહેલાં અંબાજી સ્વર્ગારોહણ પહોંચી ગયા. તો પૂ. માએ ૧૮ મીની રાતની બેઠકમાં ઉપસ્થિત સાધકોને લખીને જણાવ્યું કે અમારા દીક્ષાદિને અમે તો વિશેષ સાધના કરીશું જ, પરંતુ તમે સહુ પણ આ પર્વ નિમિત્તે આવ્યા છો તો વિશેષ સાધના કરો. દરેક જણ પોતે કયા પ્રકારની સાધના કરશે તેનો સંકલ્પ લખી દે અને આવતીકાલની બેઠકમાં તે પૂર્ણ થયો કે નહિ તે જણાવે.

પૂ. માનું મનોબળ ખૂબ જબરૂં. એમની સંકલ્પશક્તિ પણ ખૂબ દૃઢ. પૂ. મા તો તા. ૧૮ મીની રાતથી જ પોતાના એક લાખ જપ કરવાના સંકલ્પને પૂર્ણ કરવા લાગી ગયાં. ને આખી રાત જાગીને પૂરા પણ કર્યા. દીક્ષાદિને પૂ. માને નિર્જળા ઉપવાસ હતો. છતાં એક હજાર પ્રણામ પણ કર્યાં. પૂ. માની કેવી શક્તિ અને દેહાતીત અવસ્થા! આ વખતે પૂ. માએ પોતાના જપ—દિવસ દરમ્યાન—પોતાના એકાંત આવાસની અગાસીમાં બેસીને કર્યાં. પરિણામે સાધકોને પણ પૂ. માનાં

સતત દર્શનનું સુખ મળતું રહ્યું, સાથે સાથે પ્રેરણા અને પ્રોત્સાહન પણ મળતાં રહ્યાં.

એનું પરિણામ પણ ખૂબ ઉત્સાહકજનક રહ્યું. કેટલાક સાધકો તો આગલી રાતથી જ પ્રણામના પોતાના સંકલ્પો પૂરા કરવા ને કુટિયાની પ્રદક્ષિણા કરવા લાગી ગયા. કેટલાય સાધકોએ સાડત્રીસો, પાંત્રીસો, ત્રણ હજાર પ્રણામ કરી, પોતાનો સાધના દિન સફળ કર્યો. અડધા ઉપરના સાધકોએ હજાર ઉપર પ્રણામ કર્યાં. આની વિશેષતા તો એ હતી કે બધા સાધકોએ પણ ઉપવાસ રાખેલો. છતાં આ શક્તિ ક્યાંથી આવી, એવો સહેજે પ્રશ્ન થાય. સર્વશક્તિના સ્રોતસમાં પૂ. માની પ્રત્યક્ષ ઉપસ્થિતિ જ સૂક્ષ્મસ્વરૂપે કામ કરી રહી, એવું સહુને લાગ્યું.

તો એક સાધકે રોજના જેટલા જ પ્રણામ ને કુટિયાની પ્રદક્ષિણા કર્યાં. તો પૂ. માએ ટકોર કરતાં કહ્યું કે આવું તો ઘરે રહીને પણ થઇ શકત. આહીં સુધી પર્વ નિમિત્તે આવ્યા, તો કાંઇક વિશેષ તો કરો. પૂ. માનો સતત એક જ ભાવ કે સંસાર છોડીને તીર્થસ્થાનમાં આવો તો—અહીં તો સાંસારિક અવરોધો નથી. તો પછી વિશેષ સાધના કરવામાં તમને કોણ રોકે છે?—પ્રભુએ તમોને સારું શરીર આપ્યું છે તો પ્રણામ કરો.

આમ આ વર્ષે પૂ. માનો દીક્ષાદિન સ્વર્ગારોહણના સર્વ સાધકો માટે સાચા અર્થમાં સાધનાદિન બની રહ્યો. પૂ. માને ભલે વાણીનું મૌન હોય પરંતુ તેઓની ઉપસ્થિતિ જ સાધકોમાં એક પ્રકારની જાગૃતિ ને કર્તવ્યશીલતા પ્રેરતી બની રહે છે.



### પૂ. શ્રી યોગેશ્વરજીની અમૃતવાણી

# પુરુષોત્તમયોગ

**શ્રી યોગેશ્વરજી**

(પૂ. શ્રીએ ભારતીય દર્શનશાસ્ત્રોના અર્કને લોકભોગ્ય શૈલી-માં સાધકોનાં જીવનને કંડારવા ૧૯૮૪ પહેલાં પુરુષોત્તમયોગ, ધ્યાનયોગ, ભક્તિયોગ, ગીતા ઉપર પ્રવચનો આપેલાં. આ પ્રવચનોની ઓડિયો કેસેટો તૈયાર કરવામાં આવી છે. આ કેસેટમાં પૂ. શ્રીની જે વાણી સાંભળવા મળે છે તે પરમાત્માના અમૃતરસ સમી છે માટે 'પૂ. શ્રીની અમૃતવાણી' શૃંખલા શરૂ કરતાં આનંદ થાય છે. પ્રભુ સ્વરૂપે પધારેલા પૂ. યોગેશ્વરજીની અમૃતવાણી આજે પણ સાંપ્રત સમયમાં શીતળતા આપનારી ને ચિરંતન સાહિત્યને પુષ્ટિ આપનારી બની છે. **—તંત્રી**)

અમને થયું કે જુઓને! આ પણ વિધિની વિચિત્રતા છે. આપણે સાપને જોયા તો છે, નીચે ફરનારા સાપને જોયા છે પણ વૃક્ષની ઉપર તો સાપને ઝાંબિયામાં જોયા. પરમાત્માની આ સૃષ્ટિમાં કેટલી જાતની વિવિધતા છે. કેટલા બધા પશુઓ અને માનવો જુદી—જુદી જાતના છે. કેટલા બધા માનવો છતાં કોઇનું મોઢું કોઇની સાથે મળે નહીં. વિચાર તો કરો! કેવા કુશળ કારીગરે, કેવી કુશળતાપૂર્વક આ સૃષ્ટિની રચના કરી. પંચમહાભૂતમાંથી જ શરીર બનાવવાના છે. બે જ આંખ ગોઠવવાની છે. ત્રણ આંખ નહીં. તે બે આંખ કપાળની નીચે જ ગોઠવવાની છે. એમ નહીં કે કપાળની અંદર ગોઠવવાની છે. અથવા માથાપર ગોઠવવાની છે. નાક એક જ રાખવાનું છે. બીજું રાખવાનું નથી. બોચી નીચેના ભાગમાં જ રાખવાની

છે. હડપચી અમુક જગ્યાએ જ રાખવાની છે. આવી રીતની કારીગરી પરમાત્માએ કરવાની છે સંસારની અને આપણે જ્યાં જઇએ ત્યાં જોઇએ છતાં પણ જુઓ આ કુશળ કારીગરની કળા. કોઇ પણ માણસનું મોઢું બીજા કોઇ પણ માણસની સાથે મળતું આવતું નથી. કેવી કારીગરી! ચિત્રકાર હોય, શિલ્પકાર હોય તે પણ આવી કારીગરી કરી શકે નહીં. પરમાત્મા સિવાય આવી કારીગરી કોઇ કરી શકે નહીં. કોઈની આંખ કોઈની સાથે મેળ ન ખાય, કોઈનું નાક કોઈની સાથે મેળ ન ખાય, કોઈનું મોઢું કોઈની સાથે મેળ ન ખાય, કોઈની ચાલ કોઈની સાથે મેળ ન ખાય, અને એને લીધે આપણે ભેદ (Distinguish) પાડી શકીએ, બરાબર સમજી શકીએ કે આ માણસ જુદી જાતનો છે. આ માણસ જેને આપણે મળવા માગીએ છીએ તે નથી.

આ વિશાળ વૃક્ષની રચના ભગવાને કરી, સુંદર પુરુષોત્તમ, પરબ્રહ્મ પરમાત્માએ આ સંસારની રચના કરી. આ સંસારનું મૂળ ઉર્ધ્વમાં—પરમાત્મામાં રહેલું છે. આ સંસારની શાખાઓ ને પ્રશાખાઓ અનેક પ્રકારની યોનિઓ ને રૂપમાં રહેલી છે. આપણા શરીરરૂપી વૃક્ષનું મૂળીયું (આત્માનું) પણ હૃદયમાં અથવા મસ્તિષ્કમાં રહેલું છે. અને જુદી જુદી જાતના અવયવો ને ઈન્દ્રિયો આત્મામાંથી પ્રેરણા મેળવીને કામ કરે છે.

ભગવાન પુરુષોત્તમયોગમાં સૌથી પ્રથમ તો કહેવા માગે છે કે તમારે પરમાત્માની કૃપા પામવી હોય તો સૌથી પ્રથમ તમારા હૃદયમાં લખી રાખજો કે જે પદાર્થોને તમે જોઇ રહ્યા છો, જે પદાર્થોને તમે પામવાના પ્રયત્નો કરી રહ્યા છો, જે પદાર્થોને અનુભવી રહ્યા છો, તે પદાર્થો, વિષયો ને રસો ક્ષણજીવી છે.



સનાતન નથી, શાશ્વત નથી, એમની મોહિનીમાં કદી કાળ પડતા નહીં. જો એની મોહિનીમાં પડશો તો તમારા જીવનનું જે લક્ષ્ય છે પરમાત્માને પામવાનું, પરમાત્માને ઓળખવાનું, તમારા સ્વરૂપના સાક્ષાત્કારનું, તેનું વિસ્મરણ કરી બેસશો. માનવ જીવનનો જે સર્વોત્તમ સદુપયોગ કરવો જોઇએ તે સર્વોત્તમ સદુપયોગ કરી શકશો નહીં. આ સંસારરૂપી વૃક્ષમાં રહેલા જે પરબ્રહ્મ પરમાત્મા ગીતા માતા જેને પુરુષોત્તમ કહે છે તે પુરુષોત્તમનો સાક્ષાત્કાર અથવા તો એ પુરુષોત્તમનું દર્શન—મેળાપ કરવા શું કરવું જોઇએ?

આપણે સંસારની અંદર તો આવી ગયા, ભગવાને કહ્યું પણ ખરું કે સૌથી પ્રથમ તો પરમાત્માના દર્શનને માટે, પરમાત્માની કૃપાને પામવાને માટે સંસારની વિનાશશીલતા, સંસારની પરિવર્તનશીલતાનો વિચાર કરવો જોઇએ. ભગવાન આગળ પણ કહે છે કે સંસારમાં આવીને એવી કળામાં કુશળ બનવું જોઇએ કે સંસારના રૂપો ને રંગોની વચ્ચે વસવા છતાં પણ, અનાસક્ત રહી શકાય.

અનાસક્તિના શસ્ત્રથી આ સંસારરૂપી વૃક્ષનું છેદન કરી શકાય. અનાસક્તભાવે જે પણ સંસારમાં રહી શકે એ માનવ સંસારમાં સુખી બની શકે, સંસારમાં રહીને મુક્તિનો આનંદ માણી શકે, સંસારમાં રહીને સંસારમાં ડૂબવાને બદલે સંસારના જે સ્વામી છે એ પ્રિયતમ પરમાત્મા પાસે પહોંચીને પોતાના જીવનને ધન્ય બનાવી શકે.

આપણે જોઇએ છીએ કે જે મહામાનવો પોતાના જીવનમાં પરમાત્મા—પુરુષોત્તમ સાથે સંબંધ બાંધે અથવા પ્રયાસ કરે છે તેવા મહામાનવો સંસારરૂપી વૃક્ષોમાં આસક્ત થઇ શકતા

નથી.

સંસારરૂપી વૃક્ષના જે પણ રંગો ને રૂપો છે, જે પાંદડાઓ છે, જે એની શાખાઓ છે, પુષ્પો, ફળો છે તે એને આસક્ત કરી શકતા નથી. એટલું જ નહીં પણ આકર્ષી શકતા નથી. એ તો સંસારરૂપી વિશાળ વૃક્ષને જોઈને વિચાર કરે છે કે વૃક્ષ આટલું બધું સુંદર, રસવાળું તો પછી વૃક્ષનો બનાવનારો, સ્વામી, સૂત્રધાર, પરમાત્મા કેટલો બધો સુંદર હશે? કેટલો બધો રસસ્વરૂપ હશે? કેટલો બધો આકર્ષક હશે? કેટલો બધો મનમોહક હશે? તો સંસારના સૂત્રધારની પાસે આપણે પહોંચવું જોઈએ.

ઉદ્યાનને જોયા પછી, પુષ્પોના પરિમલનો સ્વાદ માણ્યા પછી જ્ઞાની પુરુષો વિચાર કરે છે કે માળી કેવો હશે? માળીનું મસ્તિષ્ક કેવું હશે? જે મસ્તિષ્કની અંદર આવા તો અનેક ઉદ્યાનો, આવાં અનેક ઉપવનો વિરાજતા હશે સૂક્ષ્મરૂપે, પરોક્ષરૂપે. આપણે એને મળવું જોઈએ. સંસારને જોઈને, રૂપો, રંગો ને રસોનું નિરીક્ષણ કરીને આનંદ માણે છે જ્ઞાનીઓ, પરંતુ આસક્તિ કરતા નથી. ફક્ત એટલો જ વિચાર કરે છે કે સંસારનો સ્વામી ક્યાં છે? સંસારનો પરમ સૂત્રધાર—શાસક ક્યાં છે? એને આપણે ઓળખી લેવો જોઈએ.

(ક્રમશઃ)



# શ્રીવિષ્ણુસહસ્ર સમશ્લોકી

શ્રી યોગેશ્વરજી

શ્રી વિષ્ણુસહસ્રનામનો પાઠ ઘણાં સાધકો કરે છે. ગુજરાતીમાં તેનો અર્થ સમજાય તે માટે પૂ. યોગેશ્વરજીદ્વારા સમશ્લોકી અનુવાદિત થયેલ વિષ્ણુસહસ્રનામમાંથી દરેક અંકમાં બે શ્લોક મૂકવામાં આવશે. —તંત્રી

યોગો યોગવિદાં નેતા પ્રધાનપુરુષેશ્વરઃ।
નારસિંહવપુઃ શ્રીમાન્ કેશવઃ પુરુષોત્તમઃ॥૩॥

સુખનું સાધન તમે જ કેવળ, યોગીશ્વર સૌના નેતા,
જડચેતનના નાથ તમે છો, પુરુષોત્તમ સૌના જેતા;
નૃસિંહરૂપ તમે ધારેલું, વિભૂતિથી સંપન્ન તમે,
કૃષ્ણરૂપ પુરુષોત્તમ તમને, કરીએ વંદન નાથ અમે.

સર્વઃ શર્વઃ શિવઃ સ્થાણુર્ભૂતાદિર્નિધિરવ્યયઃ।
સંભવો ભાવનો ભર્તા પ્રભવઃ પ્રભુરીશ્વરઃ॥૪॥

સર્વરૂપ છો, દૃશ્ય વસ્તુને દ્રષ્ટામાં લય કરતા છો,
મંગલ છો ને અવિચળ તેમ જ ભૂતમાત્રના કારણ છો;
અવિનાશી ભંડાર વીર્યના, પોતે પોતાના કર્તા,
ઈશ્વર સ્વામીનાથ તમે છો, પ્રણામ બંધનના હર્તા!

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

જતાં જતાં એમણે કૃષ્ણને સંકેત કર્યો એટલે કૃષ્ણ પણ એમની પાછળ ચાલી નીકળ્યા.

પાછળથી યશોદાએ નંદને એ ઘટનાની વાત કરી ત્યારે નંદને પણ આશ્ચર્ય તો થયું જ.

એમણે એમના અંતરના ભાવોની અભિવ્યક્તિ કરતાં જણાવ્યું :

' કૃષ્ણ ખરેખર એક અદ્ભુત બાળક છે. તે વિના આવું ના બની શકે.'

એમનું અને યશોદાનું અંતર પ્રેમના અવર્ણનીય ભાવોથી ભીંજાઈ રહ્યું.

એમના રોમેરોમમાં વાત્સલ્ય ઊછળી રહ્યું ને રાસ રમવા લાગ્યા.

એ પ્રસંગ પરથી એમને કૃષ્ણની અસાધારણતાનો ખ્યાલ આવ્યો.

## (૧૩)
## રાધાનો મેળાપ

કૃષ્ણ તથા બલરામ બીજા ગોપબાળકો સાથે ગાયોને ચરવા વનમાં જતા.

એ વનમાં સ્વેચ્છાપૂર્વક વિહાર કરતાં ભાતભાતની ક્રીડા કરતા, અને સૌને આનંદ આપતા.

કૃષ્ણની વાંસળી સૌને મુગ્ધ કરતી.

વનમાં એ જ્યારે કદંબ અથવા અશોકવૃક્ષની પાસે ઊભા



રહીને સુધાથી ભરેલા સુસ્વર છોડતાં વેણુ વગાડતા ત્યારે સમસ્ત પ્રકૃતિ સ્તબ્ધ બનીને એનો આસ્વાદ લેતી.

યમુનાનાં જલ પળવારને માટે પુલકિત બનીને જાણે કે થંભી જતાં.

વૃક્ષો ભાવવિભોર બનીને ડોલી ઊઠતાં, પંખી પ્રસન્નતા-પૂર્વક પોકાર કરતાં, ગાયો તથા વાછરડાં કાન માંડીને ચંચલતા મૂકીને સર્વ પ્રકારની પ્રવૃત્તિનો પરિત્યાગ કરતાં ઊભાં રહેતાં, અને મનુષ્યોનાં મન મોહિત થતાં.

એ સ્વર નહોતો, સ્વર્ગીય સુધાનું સીંચન હતું. મુક્તિના મહાનંદનું મધુમય આમંત્રણ હતું. જીવનસાફલ્યનો સનાતન સુખમય સંદેશ હતો.

ગોકુલ અને વૃંદાવનની ગોપીઓ એ વેણુનાદને સાંભળીને એક પ્રકારના અનંત, અસાધારણ, અવર્ણનીય આકર્ષણનો અનુભવ કરતી. ઘરનાં કામકાજનો પરિત્યાગ કરીને કૃષ્ણની આસપાસ ટોળે વળતી.

એ વેણુસ્વરમાં એમને શાશ્વત સ્નેહના સૂર સંભળાતા.

એ સુધામય સુમધુર સ્વર એમના અંતરને અને અણુઅણુને પોતાની પ્રત્યે પ્રવાહિત કરતા.

ગોપીઓ એથી આનંદિત, મંત્રમુગ્ધ અને તન્મય બનતી.

એ એક પ્રકારની સ્નેહસમાધિમાં ડૂબી જતી.

એમની આજુબાજુ અને અંદર બધે રસની છોળો ઊડવા લાગતી.

એ સ્વર એમને સુપરિચિત લાગતા. એમને થતું કે એ સરસ સ્વરને એમણે પહેલાં પણ કદીક સાંભળ્યો છે માટે તો એ આટલા બધા આકર્ષક લાગે છે તથા કાળજાને કામણ કરે છે.

(ક્રમશઃ)